જ્યારે મહાન્ હૃદયના મનુષ્યોનો માર્ગ આ રીતે સામાન્ય મનુષ્યો કરતા એકાંતવાસવાળો હોય છે ત્યારે જેના હૃદયની માપ થઈ શકતું નથી તેવા ઘોર પરમાત્માના જીવનની રચના એકાંતમાં હોય એમ કાંઈ આશ્ચર્ય જેવું નથી. મહાવીર પ્રભુનો એકાંત વાસ કોઈપણ મનુષ્ય પ્રાપ્તિ કરતાં વિશેષ હતો. "હું એક છું અને મારું કોઈ નથી" એવા પ્રકારની જે એકત્વ ભાવના તેનેજ ખરો એકાંત વાસ કહેવાય છે. મનુષ્ય પ્રત્યેની તેની અનિર્વચ્ય કોમળ દયા, પાપ મુક્ત કરવાની તેની ઊંડી લાગણી, એક કંગાળના દુઃખને દૂર કરવાવાળું જેનું કોમળ અંતઃકરણ, એક બાળકપર જેની દુઃખરાની અમીની દૃષ્ટિ, એ બધું હોવા છતાં તે જ્યાં ત્યાં વિચરતા અને ગમે તેટલા મનુષ્યો તેની આસપાસ હોયને છતાં તેમહાવીર પ્રભુ [illegible] એકાન્ત અવસ્થામાંજ મગ્ન હતા. તમે, [illegible] જે વિચારો વારંવાર આવે છે, [illegible] રોજ થયા કરે છે તેને [illegible] દિવસ [illegible] ચિંતા [illegible] છો તમે [illegible] સાથે [illegible] અને [illegible] જવાબ [illegible] રોજ [illegible] જેવા કે તમારા [illegible] અને [illegible] જ્ઞાતી, [illegible] તાલ, તમારો સામાજીક [illegible] વિ- [illegible] એકાંત [illegible] તેનો [illegible] પણ [illegible] પણ હોતો નથી આવા બાબતો [illegible] તેમના [illegible] માં પણ તમોને વિચાર થતો નથી. અને કદાચ થાય [illegible] પણ ત્યાં કોઈ સમજી શકે નહિ કે તમોને દિલાસો આપી શકે નહિ એક

નાની દુનીઆ છે કે જેમાં તેમની હાજરીની રમત મજબુત આધિન હોય છે પણ તેની ઉપરાંત તેમનામાં કાંઈ પણ સમજ શક્તિ હોતી નથી. કુટુંબમાં કોઈ અકાળ મૃત્યુ થઈ ગયું અને તેના દુઃખથી જ્યારે કુટુંબના સઘળા માણસો શોક અને ધર્મ ગર્ક થઈ ગયા હોય ત્યારે તેજ કુટુંબના નાના બાળકો એ મનુષ્યજીવનમાં કાંઈ સમજતા હોતા નથી. તેઓ અજ્ઞાનપણાથી પોતાની પ્રકૃતિને લઈ રમતા હોય છે.

ઉપરના દૃષ્ટાંત સહજ સમજી શકાય તેવા છે. જગતના મનુષ્યો જેમ બાળકો છે, તેમજ મહાવીર પરમાત્મા આગળ બીજા મનુષ્યો તે બાળક બરોબર છે. મહાવીર પરમાત્માના શક્તિસ્વરૂપ વીર્યના એકાંતપણાનું પ્રમાણ બાળક અને માબાપના ઉપદૃષ્ટાંતને બરાબર માનવું આવી શકતું નથી. કારણકે, બાળક માબાપ વચ્ચે જે એકાંતપણાનો અંતર છે, તેના કરતાં મહાવીર અને મનુષ્યોના આત્માની સ્થિતિના અંતરનું પ્રમાણ ઘણુંજ વધારે છે. જેમકે તેજ બાળક જ્યારે સહેજ ઉમ્મર લાયક થાય છે, ત્યારે તે એકાંતવિચાર અને ચિંતાઓથી તે અજ્ઞાન રહેતો સ્વતઃ સમજવા લાગે છે. અને તેની એકાંત સ્થિતિ પણ તેના રૂપ જેવી થઈ પડે છે, પરંતુ મહાવીર પરમાત્મા અને મનુષ્યનો અંતર એક નહિ પણ અનેક ભવ વીતી જવા છતાં દૂર નથી, કારણકે જ્યારે મનુષ્ય મહાવીરપણાને પ્રાપ્ત થાય ત્યારેજ મહાવીરના જેવી એકાંત આત્મવિચારણાની સ્થિતિ પ્રાપ્ત થઈ શકે, જે સ્થિતિ પ્રાપ્ત કરવાનું કોઈ વિરલ મનુષ્યથી બની શકે. વીરપરમાત્મા મનુષ્યરૂપે જગતમાં વિચરતા હતા, પણ તેના એકાંતપણાને જગત્ જાણી શકતું નહીં. અંધકારમાં પ્રકાશ જાણી શકાય છે, પરંતુ અંધકારથી તે પ્રકાશને જોઈ શકાતો નથી, તેથીજ શ્રી વીરપ્રભુ પરમાત્મપદ પ્રાપ્ત કરવાને તીર્થંકરપણે એકાકી હતા, અને તેનું જીવન કોઈ પણ મનુષ્ય કરતાં ઘણું ઉચ્ચ પ્રકારનું એકાંત હતું; જે જમાનામાં તેઓ વિચરતા હતા તે જમાનાના જીવો કરતાં તેમનામાં અત્યંત ઘણું એકાંતપણું હતું. તેમના વિચારો, સિદ્ધાંતો, હેતુઓ, શિષ્યો, જીવનનો ઉદ્દેશ તે તે વખતના લોકોના જેવા નહોતા, તેમજ બીજો કોઈ પણ દુનિયાની પ્રજાને

મળતા નહોતા, પણ તે તદ્દન એકાંત અને સાદિ અનંત સિદ્ધ સ્વરૂપને મળતા હતા કે જે સ્થિતિ સંસારના કોઈ પણ ભાગમાં હોતી નથી. ગૌતમ સ્વામી કે જેઓ નિરંતર વીરપરમાત્માની પાસેજ રહેતા હતા અને અતિ-ઘણા પ્રેમથી તેમને ચાહતા હતા, છતાં મહાવીર પરમાત્માના અપૂર્વ વૈરાગ્યને અને તેના એકાંત કર્મયુદ્ધને તે કળી શકયા નહોતા અને જ્યારે વીરપરમાત્માથી તેઓ દૂર હતા, ત્યારે મોક્ષે ગયાની હકીકત સાંભળી ત્યારેજ ગૌતમ સ્વામીને તેની વૈરાગ્યદશાનું લક્ષ થયું, અને પોતે પણ રાગ તજીને વૈરાગ્ય ભાવનામાં આવ્યા, અને તેજ વખતે તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. ગૌતમ સ્વામિ કે જેઓ તેના પહેલા ગણધર હતા, અને તદ્દભવ મોક્ષગામી હતા. તેઓ તેમની એકાંત સ્થિતિ કળી શકયા નહિ, તો પછી સામાન્ય મનુષ્યથી તે અંશ માત્ર કેમ જાણી શકાય ? તે શ્રી વીરપ્રભુ ટુંકા મનવાળા, હલકા હૃદયવાળા, વિકારને વશ થનારા અને અપવિત્ર જીવન ગાળનારા મનુષ્ય સમૂહમાં થઈને પસાર થતા હતા, ઘણાજ સ્વાર્થી મનુષ્યોમાં, દુશ્મનોમાં, અસંતુષ્ટ પ્રકૃતિવાળા મનુષ્ય સમુદાયમાં ગમે ત્યાં તેઓ વિચરતા છતાં તેમનું હૃદય હમેશાં જગત્‌પર ઉપકાર કરવાની યોજનામાં અને મનુષ્ય પ્રાણીના ઉદ્ધાર માટે આત્મભોગ આપવાના રાગ દ્વેષ વગરના પ્રેમથી ભરપુર હતું. અને જ્યારે તેનું આખું જીવન પસાર થયું, અને જે મનુષ્યો પોતાના વિચાર અને વિકારના પરિઘથી બહાર જઇ શકતા નહોતા તેમની વચ્ચે તેમના જીવનનો ઘણો વખત પસાર થતો હતો છતાં તેનો અંતરંગ આત્મા પરમાત્મપદના વિચારોથી ભરપુર હતો, અને તેમની એ એકાંત સ્થિતિ તેઓ એકલાજ અનુભવી શકતા હતા. તેના અનંત શકિતના આત્મામાં કેટલું બધું ઉંડાણ હતું કે, જેનું આસપાસના કોઈ પણ પ્રાણીથી માપ પણ થઈ શકતું નહોતું. જેમને પોતાના ખાસ શિષ્યો કર્યા હતા. તેમને પણ જેમની અંતરંગ સ્થિતિનો અનુભવ મળી શકતો નહોતો. હજારેના ટોળાની વચ્ચે તેમનો એકાંત વાસ હતો, તેમણે પોતાના જીવનના માર્ગમાં એકલાજ પ્રયાણ કરી સિદ્ધપદ પ્રાપ્ત કર્યું છે, અને તેમની સાથે કોઈ પણ મનુષ્ય હતા નહિ. જેઓ તેમના વખતમાં સાથે મોક્ષે ગયા. તેમના આત્માની ગતિનો માર્ગ અલગ હતો, કારણકે દરેક આત્માને સરખા કર્મ



મહાવીરને પોતાના દુઃખોનું ભવિષ્યજ્ઞાન હતું.

જે સૌથી પ્રત્યક્ષ બાબત હતી તે એ હતી કે તેમના દુઃખો અને ઉપસર્ગો જ્યારે તેણે ભોગવ્યા તે અગાઉ તે વિષેનું શુદ્ધ અને સંપૂર્ણ તેમને જ્ઞાન હતું. તે દુઃખો તેમની કલ્પના શક્તિની જરાએ બહાર નહોતા. દરેક જાતની વેદના અને વ્યાધિ જે તેને ભોગવવાની હતી તે ચોકસ સ્વરૂપે તેના અંતરમાં પ્રથમથીજ પ્રત્યક્ષ હતી અને તેના આખા જીવનમાં નજીક આવતા દુઃખોનું જ્ઞાન તેનાથી કદિ દૂર રહ્યું નથી. મહાવીર પ્રભુના એકાંતજીવનના શોક ઉત્પન્ન કરે તેવા ઇતિહાસમાં ખુલ્લી રીતે આ બાબત જુદાજ સંયોગોવાળી હતી. તેના સંસારના અનુભવની તેની એકજ જુદી સ્થિતિ હતી કે જેનાથી સઘળા ભયંકર દુઃખ ભોગવનારા મનુષ્યો જુદા પડે છે મનુષ્યને પોતાના ભવિષ્યમાં આવનારા દુઃખોનું જ્ઞાન હોતું નથી જ્યારે વીરપ્રભુને જન્મથીજ ત્રણ જ્ઞાન હોવાથી એ વિષે જ્ઞાન હતું. જેમ દેવતાઓને પોતાને દેવ લોકમાંથી ચ્યવી જવાને છ માસ રહે છે ત્યારે પોતાની ભવિષ્યની સ્થિતિ વિષેના જ્ઞાનને લીધે ત્રાસ અને દુઃખથી ભાગ નાશ કરવી પડે છે તેમજ જો સાધારણ મનુષ્યોને ભવિષ્યના દુઃખોનું જ્ઞાન હોય તો તે ત્રાસથી તેઓ ઘેલાજ થઇ જાય એમ કહીએ તો તેમાં વિશેષતા નથી. પરંતુ એ પરાક્રમ કરવાની અને છતી શક્તિએ પૂર્વ કર્મની અસહ્ય વેદના સહન કરવાની તાકાત એકલા મહાવીરમાંજ હતી અને તેથી તેનું એકાંતપણું તેમા પણ પ્રતીત થાય છે. મોક્ષના દરવાજા સઘળા આત્માઓને માટે ખુલ્લા છે પરંતુ જેઓ છતી શક્તિએ અને છતાં જ્ઞાનથી તે દુઃખ પ્રત્યે અભાવ નહિ બતાવતા કસોટીમાથી પસાર થાય છે તેમનાથીજ એ દરવાજા સુધી પહોંચીને પગ મુકી શકાય છે. દરેક મુક્ત થતા જીવની નીચે પ્રમાણે કસોટી થાય છે અને ત્યારપછીજ તે આગળ વધી શકે છે કુદરતની સામાન્ય રચનામાં ભવિષ્યના દુખથી મનુષ્ય અજ્ઞાન હોય છે કે જેથીકરીને વર્તમાન કાળના સુખમાં વિઘ્ન ન આવે તેમજ ભવિષ્યના ભયંકર દુઃખની ચાદગીરીથી વર્તમાન દુઃખમા વૃદ્ધિ પણ ન થાય. આવી રીતે મનુષ્ય કે જેના જીવનમા વ્યાધિ અને વેદનાઓ ઉપરા ઉપરી આવ્યાજ કરે છે તેને દુઃખના વખતમાં પણ અજ્ઞાન અવસ્થાને લીધે કેટલેક અંશે શાંતિ મળે તેવી કુદરતી રચના જોવામાં આવે છે. કારણકે જ્યારે

તકાળના ભયંકર દુઃખો યાદદાસ્તમાંથી ઓછા થાય છે ત્યારે લોકો-
પોતાના સારા ભવિષ્યની કલ્પના કરવાને સ્વાભાવિક આશા રહે
આ હકીકત દરેક મનુષ્યના જાતી અનુભવની છે અને તેથી તેમાં
વિશેષ ખાત્રીની અગત્યતા નથી. વાંચનારાઓમાંથી એવા તો ઘણાજ
ાછા માણસો હશે અથવા બીલકુલ નહિ હોય કે જેઓને થોડા અ-
ાવા વધારે પ્રમાણમાં દુઃખ અને વ્યાધિનો પરિચય થયો ન હોય,
ાહી તે દુઃખો નમારી માંદગીના હોય, કૌટુંબિક વ્યાધિ અને ચિંતાના
હોય, સગાંસંબંધીના વિયોગના હોય, સંસારમાં પોતાના નશીબમાં
નિરાશ થવાથી થયેલા હોય, ગમે તે પ્રકારનાં હોય તોપણ મને શં-
ા નથી કે તમો સઘળાઓએ તમારા જીવનમાં દુઃખ અને
દિલગીરીના પ્રસંગ અનુભવ્યા હશે. અને હજુ પણ તમારા-
માંના દરેક કે જેમને વધારે વખત જીવવું છે તેમને ઘણા
દુઃખના પ્રસંગો અનુભવવા પડશે પરંતુ તમો વિચાર
કરો કે જો તમોએ આ સઘળા દુઃખો ચોક્કસપણે અને સંપૂર્ણ રીતે
અગાઉથી જાણ્યા હોય તો તમારા અસહ્ય દુઃખોમાં કેટલો વધારો
થયો હોત ? હમેશાના અનુભવમાં આવતી વ્યાધિઓની અને જીવ-
નના પ્રકાશને ચોરી જાય તેવા ભવિષ્યના દુઃખની વાત એક
બાજુએ રાખીએ તો પણ જે દુઃખો ભૂતકાળમાં પસાર થઈ ગયા
તેનું પણ જો જ્ઞાન હોય તો કેટલો ત્રાસ થાય ? ભૂતકાળનો ભયંકર
અંધકાર કે જેમાં અસહ્ય વિયોગ દુઃખો અને કમનશીબીના ભયંકર
કુદકાઓ લાગેલા છે તે યાદદાસ્તમા લાવી શકે તેવા મનુષ્યો કાંઇ
થોડા નઈ હોત, તો પછી એ કુદરતી કલ્પના કરો કે ઘણા વરસો
અને મહીના અગાઉ તેના દુઃખો અગાઉ જાણવાને તમો શક્તિમાન
હોત તો શું શું દુઃખ થને ? જો તને ન ખૂટે તેવી તમારા પ્રયત્નની
નિષ્ફળતા અને તમારી વહાલીજ પ્રિય આશાઓની નિરાશાનો ત્રાસ
અગાઉથી જાણ્યો હોય તો તમારા કયા હૃદયના જોરથી તેને સહન
કરી શકત ? અથવા તમારા અતિ ઘણા પ્રિય મિત્રની સાથે હમેશાં
આનંદ ભોગવવા કે તેની સોબતમા ભવિષ્યના સુખના વરસોની આશા
રાખતાં જો કદાચ તમારો જીવનરૂપી દીપક બુઝાઈને અંધકાર થઇ
જાય અથવા તો તમારો વહાલો વહાલો હોત હમેશને માટે જુદો થાય
તેવો વખત આવ્યો હોય તે તમારા સુખ અને સંતો-
ષમાં કેવો ભયંકર અંતર પડી જાય ? અને કહેવાનો જ-

રૂર નથી કે જેવું ભવિષ્યકાળને માટે થાય તેવોજ ભૂતકાળને માટે પણ બને પાંચ પચીસ મનુષ્યની મંડળીમાં એક બે મનુષ્ય સુખી, નિશ્ચિંત અને શાન્તિવાળા હોય એ વિષે શંકા જેવું નથી તેઓને પણ જો તેમનાપર એકજ વરસમાં થનારા દુઃખના પ્રસંગ બરોબર રીતે જણાવ્યા હોય તો જરૂર તેની વર્તમાન સુખી અવસ્થા ઘણું અંશે વિઘ્ન પડે આ જગત્માં તમોને કોણ વિશેષ પ્રિય છે. એવો કયો મિત્ર, કયો બંધુ, બ્હેન, ધણી ધણીઆણી કે બાળક છે કે જેમને તમે ઘણાજ ચાહો છો અને જેમનાપર તમોએ તમારી સઘળી આશાઓ રાખી છે અને જેઓ તમારા દુઃખના ભાગી થશે એમ તમે માનો છો ? થોડા માસ જવા પછી તમારા હૃદયને એવી ખાત્રી કરી આપવામાં આવે કે તે મિત્ર તમારી નજરથી થોડાજ વખતમાં દૂર થશે, વિયોગનું દુઃખ તમારે સહન કરવુ પડશે અને તમે એકલાજ રહી જશો એ જાણવાથી તમને શું નહિ થાય? અફસોસ મનુષ્ય આત્માને આવા ભયંકર દુઃખોનું અગાઉથી જ્ઞાન થાય તો આપણામાં શાંત હૃદય અને સુખી ઘર ભાગ્યેજ દ્રષ્ટિએ પડશે કદાચ આવા અથવા તેને મળતા બનાવો આપણા માટે રહેલા હોય પણ કાલે શુ થશે તે આપણે જાણતા નથી, આપણી અલ્પશક્તિ પ્રમાણે આપણા ભવિષ્ય અને આપણા જ્ઞાન વચ્ચે પડદો પડેલો છે અને તેથી ગમે તેવા ત્રાસ દાયક વિતક આપણાપર વીતવાના હોય તોપણ તેઓ આપણી હાલની શાંતિમાં વિઘ્ન કરતા નથી કારણકે આપણે તેને જાણતા નથી.

ઉપર જે એકજ વિચાર માટે ઘણો લાંબો વિસ્તાર કરવામાં આવ્યો છે, અને જેમાં ઘણે સ્થળે પુનરૂક્તિ જેવું થયું છે, તેનું કારણ એ છે કે આપણા મહાવીરપ્રભુના દુઃખોનું એક મુખ્ય તત્વ હું સ્પષ્ટ કરી શકું કે જે તત્ત્વ બીજા લખનારાઓએ જુદું પાડી સમજાવવાનો વિશેષ પ્રયત્ન કીધો નથી. વાંચકો! તમે વિચાર કરો કે જે ભવિષ્યની અજ્ઞાનતાથી મનુષ્ય જાતના સઘ દુઃખો તેને વર્તમાન કાળે વિઘ્નરૂપ નથી, તેમાં શ્રી વીરપરમાત્માના સંબંધમાં ઉલટા પ્રકારે હતું. ભવિષ્યનું જ્ઞાન હોવા છતાં તેમના હૃદયના બળ આગળ તે ભયંકર ભવિષ્ય કાંઈજ અસર કરી શકતું નથી. આપણે હમેશા માણસોને એમ બોલતાં સાંભળીએ છીએ કે જો આવી અસહ્ય ત્રાસદાયી અને ભયંકર દુઃખોની થોડી પણ અમોને ખબર હોત તો

અમો કરી પણ તેવી મુશ્કેલીમાં પતન નહિ. પરંતુ મહાવીરના હિંસ-
ગીરીવાળા જીવનમાં ગમે તેવી મુશ્કેલી હતી, એકજ રાત્રિના અસહ્ય
અને સાંભળતા પણ ત્રાસ થાય તેવા સંગમ દેવતાના ઘોર બાવીશ
ઉપસર્ગ જેવા દુઃખો હતા. અને અસહ્ય પીડાથી ગમે તે રીતે કાન-
માં ખીલા ઠોકાયા હતા, તથા ગોશાળાએ મુકેલી તેજોલેશ્યાનો
ગમે એવો અસહ્ય તાપ સહન કરવો પડ્યો હતો, તેમજ વળી તેમ-
ના જીવનની શરૂઆતથીજ ભવિષ્યના આ સઘળા દુઃખોનું તેમને
પહુંજ સ્પષ્ટ જ્ઞાન હતું, તોપણ તે સઘળા મિશ્રિત દુઃખરૂપ ઝેરનો
પ્યાલો તેમણે શાંતપણે પીધો હતો, અને કર્મશત્રુપર વિજય મેળવી
ઊરપણું બતાવી મનુષ્યોને પરમાત્માની પ્રતીતિ કરાવી સાચો માર્ગ
બતાવ્યો હતો. જ્યારે ઇંદ્ર મહારાજે ઉપસર્ગમાં દૈવિક સહાયતા ક-
રવાની માગણી કરી ત્યારે વીરપ્રભુએ તેમને ના કહી હતી, અને દરેક
દુઃખના પ્રસંગની સામે ચાલીને પોતે જાતી જોઇને ગયા હતા.
આવી રીતે આ દુનીઆપરના શ્રી વીરપ્રભુના અદ્વિતીય જીવનની
શરૂઆતથી તેઓ પોતાના અંતરંગ શત્રુપર એકાંતપણે વિજય મે-
ળવવા બીજાઓનો ઉદ્ધાર કરવામાં નિમિત્તરૂપ થયા હતા. જીવન-
ના અનુક્રમમાં આગળ ચાલતા દુઃખોનો જે વરસાદ વરસતો જતો
હતો તે તરફ કોઇપણ ન કળી શકે તેવી તેની અંતરંગ એકાંત દૃષ્ટિ
હોઇને તે બીજાઓને મુક્તિનો માર્ગ સ્વચ્છ અને સરળ કરી આપના
હતા અને જ્યારે આપણે વિચાર કરીએ છીએ કે તેમને જ્ઞાન હોવા
છતાં આવનારા દુઃખો વિષે કેમ ત્રાસ નહિ થયો હોય, ભવિષ્ય જ્ઞા-
નથી તેઓ સામાન્ય મનુષ્યજાતથી કેવી રીતે જુદા પડ્યા હશે, અ
ને તે ઘણા દયાવાન, નમ્ર, શક્તિવાન અને તરણતારણ હોવા છત
કોઇ જાણ ન પામી શકે અને કોઇ ઓળ. ન કરી શકે તેવા દુઃખો
નો અસહ્ય બોજો પોતાના આત્મા સાથે શામાટે વહન કીધો હશે તેન
વિચાર કરતાં કર્મની વિચિત્ર ગતિ ઇત્યાદિ દાખલા દલીલ વગર
મનુષ્ય જાત માટેના હિતાર્થાન. વાકર સિવાય તેનો ભેદ મનુષ્ય
મહાવીરપણું પ્રાપ્ત થયા વગર પામી શકાય નહિ.

મનુષ્ય અને મહાવીરના દુઃખોનો ભેદ.

બીજી મુખ્ય બાબત એ છે કે જે મહાવીર પ્રભુના દુઃખો બી
બધા મનુષ્યોના દુઃખોથી જુદા પડે છે અને જે તેમની સહન

કિતની એકાંતતાનો પુરાવો આપે છે તે એ છે કે તેમનાં દુઃખો તે એક ઘણાજ પવિત્ર અને પૂર્ણ હૃદયના દુઃખો હતા. મહાવીર પ્રભુએ જે સહન કીધું તે કોઇ પણ સામાન્ય મનુષ્યથી સહન થઇ શકે નહિ કારણ કે તેનો આત્મા બધા જીવો કરતાં મહાન્ પરમાત્મરૂપ હતો અને તેમનું હૃદય કે જેનો પરીઘ ઘણો મોટો હતો અને જે જેટલું થઇ શકે તેટલું વિશાળ હતું તે સહેલાઈથી દુઃખને ગ્રહણ કરી શકતા હતા. જેમ એક ઘણોજ ઉંડો પ્યાલો પુરેપુરો ભરાઇ ગયો હોય, તો છલકાતો નથી અને એક વૃક્ષ કે જે ઘણીજ ઉંચાઈવાળું અને ઉંડું હોય તે જેમ તોફાનમાં ટકી શકે છે. તેમ જે જે આત્મા વિશાળ શક્તિવાળો અને ઘણાંજ ઊચ્ચપદને પામેલો હોય તેજ મહાન્ દુઃખો ગ્રહણ કરવાને શક્તિમાન થાય છે. એક નાના, સાંકડા, સ્વાર્થી અને વગર કેળવાએલા મનથી થોડી મુશ્કેલીઓ સહન થઇ શકે, તેના સુખદુઃખના પ્રવાહની મર્યાદા અને પ્રમાણ હોય છે, કમનસીબવાળા સામે તે એક નાની ઢાલ ધરી શકે. પરંતુ જ્યાં ઘણા મહાન દુઃખો આવતા હોય તેમાંથી તેઓનો બચાવ થઇ જાય છે. જેમ જેમ કોઇ પણ પ્રાણી ઉંચપદે ચડતો જાય છે, તેમ તેમ તેના દુઃખો અને સુખોનો વિસ્તાર વધતો જાય છે, ત્રાસ અને મોજશોખને અનુભવવાની તેની શકિત પણ વધતી જાય છે. એક બાળક ઘણું થોડું દુઃખ સહન કરી શકે, યુવાન માણસો કરતાં તેઓને થોડી ચિંતા, થોડી ફીકર અને થોડી મુશ્કેલીઓ આવે, એક કેળવાએલા માણસ કરતાં એક જંગલી માણસને, એક ઘણાજ વિચારવંત અને લાગણીવાળા મનુષ્ય કરતાં એક અજ્ઞાની અને મૂર્ખ માણસને ઘણી થોડી ચિંતા અને થોડી મુશ્કેલીઓ લાગે છે. ટુંકામાં જીંદગીનો એ એક મહાન કાયદો છે, કે દરેક વધતી જતી શક્તિ, દરેક સુધારો, શારીરિક, માનસિક, નૈતિક કે આત્મિક જે મનુષ્ય મેળવે છે, તેને જરૂરની શિક્ષા તરીકે, વધારાની જોખમદારી તરીકે આસપાસના દુઃખો વધારે ખુલ્લી રીતે અનુભવવા પડે છે આ બાબતની ખાત્રી કરવી હોય તો કેળવાયેલા હૃદયના માનસિક અનુભવ અને વિચાર કરવાને ટેવવાળા વિદ્વાન્ મનુષ્યને જંગલી અને હલકા મનવાળા મનુષ્યના કુટુંબમાં રહેવાનિ ફરજ પાડો તેમની સાથે તે પોતાના દિવસો ગાળે, તેમની નકામી અને હલકી વાતો સાંભળે અને

તેમની જીંદગીની ક્ષણો લાયક દીનભાવમાં રહે તેવી રીતે તે વિદ્વાન મનુષ્યને ફરજ પાડે તો પછી તે વિચારશીલ અને કેળવાએલા વિદ્વાન મનુષ્યને આવી સ્થિતિમાં વિશેષ દુઃખ અને દિલગીરી નહિ થાય? અને તેના પવિત્ર ઉંચા વિચારો અને શુદ્ધ લાગણીઓ આવી જાતના વાતાવરણમાં રહેવાનું સહન કરી શકશે નહિ. તેવીજ રીતે એક શુદ્ધ અને દયાળુ પ્રકૃતિનો મનુષ્ય કે જેનું અંતઃકરણ ઘણું કોમળ હોય, બીજાના દુઃખો દૂર કરવાને અને બીજાની માગણીઓ પુરી પાડવાને તત્પર હોય તે જો લોકો તેને ઘણુંજ પ્રિય હોય અને તેના તરફ પ્રેમભાવે તેવા દુઃખ અને ફકીરના જેવા રહે અથવા તે લોકોના માનસિક દુઃખની ઉપેક્ષા કરે તો તે મનુષ્યને તેમ કરવામાં પોતાની ઉદાર અને ઉપકાર કરનારી પ્રકૃતિને લીધે એવા દેખાવોથી વિશેષ દુઃખ નહિ થાય? એક દેશાભિમાનનો ઉમદા સ્વભાવનો મનુષ્ય જાતનું ભલું કરનારની પ્રકૃતિને પોતાના દેશની કે જાતિભાઈની દુર્દશા થતી હોય ત્યાં કેદી રાખવામાં આવે તો તે કેટલું દુઃખ પામશે? એક ઉદાર હૃદયનો મનુષ્ય કે જેને ભયંકર દીલગીરીના દેખાવે ત્યાં પણ અસર થતી નથી અને જેને એટલે બીજાના અંતઃકરણ ત્રાસથી રડે છે તેવા ત્રાસદાયક દુઃખોને કાંઈપણ લાગણી વગર જે જુએ છે તેનાતરફ ધિક્કાર અથવા એ ઈચ્છા વગરનો સુધારો નથી?

વળી એક વખત ધારો કે તમારા વિચારો એક પ – જ ઉંચી કે [illegible]

માંદગી અને મુશ્કેલીઓથી પ્રકૃત્તિમાં સુધારો થાય છે મતલબ કે વિપરીત અનુભવથી માણસ ખરા ધોરણપર આવે છે પોતાની અજ્ઞાન અવસ્થામાં એક માણસ શ્રદ્ધાળુપણાના શાંતિ અને સુખને પરમાત્મા સાથેના આત્માના ઉંડા સખત અનુભવને કાંઈ જાણતો નથી પરંતુ જેવો તે ધર્મી અને દયાવાન શ્રદ્ધાળુ આત્માના ઉંડા દુઃખો જાણે છે અને પરમાત્મા પ્રત્યે પ્રેમ કરતા શીખે છે તેવોજ દુઃખની લાગણીથી જાગૃત થાય છે. ભૂતકાળના દિવસોમાં જે સઘળું સત્ય, પવિત્ર અને સારૂ હતું તેને ગ્રહણ કરવાને તે માણસ યોગ્ય નહોતો કારણકે જે સઘળી શ્રેષ્ઠ બાબતો છે તે તેનાં આત્મામાંથી હ-વેજ પ્રગટ થઇ છે અને તેથી સઘળી જાતના પાપનું તેને ભાન થયું છે. તેનું અંતઃકરણ ઘણું કોમળ થયું છે, અને ઘણા થોડાજ હલકા કામો તેનાથી થઇ શકે છે કે જેથી તેના આત્માને નુકસાન થાય છે. એક માણસ કે જે ઘણોજ આગળ વધેલો હોય અને નવું પદને પ્રા-પ્ત થયો હોય તે જ્યારે પોતાના આત્માને ખરી જગાને નીચે પડે છે તથા પાપકર્મમાં રક્ત થાય છે ત્યારે તેના વિષે એક બેદરકાર અંતઃ-કરણ કાંઇપણ કીંમત કરશે નહિ. નમ્ર અને ભલાઇના અભ્યાસમાં વીરપ્રભુના જીવનની ફતેહનું કારણ અનુભવ વગર પણ જાગૃત આત્મા-થી જાણી શકાય છે. પરંતુ તેજ વખતે તે ગણના એક નમ્ર તરીકે માણસની દુષ્ટતા અને નાસ્તિકપણાથી જે દુઃખ અને દીલગીરી થાય છે તેનો તેને અનુભવ થાય છે તે પાપને માટે પશ્ચાતાપ કરે છે અને ઘણો કાળ નકામો જવા માટે તેને તીવ્ર લાગણી થાય છે અને જેમ જેમ તે વિશેષ પવિત્ર અને વિશેષ ભક્તિવાન થતો જાય છે તેમ તેમ પોતાની આસપાસના માણસોના પાપથી તેને અશાંતિ અ-ને દુઃખની લાગણીઓ વધતી જાય છે, એક ધર્મી માબાપને પોતાના છોકરાઓને અધર્મી અને અવિચારી જોઇને કેવું દુઃખ થાય છે અને એક મિત્રને પોતાના પ્રિય બંધુઓને તદ્દન નાસ્તિક અને ધર્મથી વિ-મુખ જોઇને કેવી લાગણી થાય છે? આ બધી બાબતો ફરીથી કહેવાની જરૂર નથી અશાંતિના કારણરૂપ છે કે જેને અજ્ઞાન અને મૂર્ખ હૃદય જાણી શકતું નથી. એ દુઃખો એવા છે કે તે આત્માની મહત્વતાની ખાત્રી આપે છે, કુદરતના એ એવા તોફાનો અને ગુંચવાડા છે કે જેઓ આ જગતના નિયમથી વિશેષ ઉમદાપણું છે અને તેના અતિશ-

ના પ્રમાણમાં જેનામાં તે જોવામાં આવે છે તેનું માહાત્મ્ય તે વ્યક્ત થાય છે.

પરંતુ હવે જો આ સઘળું એજ પ્રમાણે હોય, જો જે વિચારો પર જણાવ્યા તે સઘળા ધોરણપર હોય એટલે કે આત્મા જેમ જેમ પૂર્ણ થતો જાય છે તેમ તેમ તેના દુઃખો, પાપો, શોક અને સંતાપો જે આ જગતપર તેની આસપાસ જોવામાં આવે છે તે તેને ઘણી તીવ્ર અસર કરે છે તો પછી શ્રી મહાવીર પરમાત્મા કે જેઓ પરમાત્મપદની છેકજ નજીક છે અને માનુષિક અનુભવથી ઘણા દૂર તેમજ મનુષ્યજ્ઞાનથી ઘણે પાર જેમનું જાગૃત જીવન છે તેમના દુઃખો કેટલા અસહ્ય અને અસરકારક હશે? સૌથી નમ્ર, ઉમદા પ્રકારનું અને સૌથી પવિત્ર હૃદય તેમનુંજ હતું કે જે મનુષ્ય આત્મામાં હોઈ શકે નહિ, તેથી ઘોર ઉપસર્ગને સહન કરવાની યોગ્યતા આસપાસના દુઃખોની અજમાયશ થઈ શકે તેવી ખાત્રી અને આવતા દુઃખનું ભવિષ્ય જ્ઞાન માત્ર તે વીરપ્રભુમાંજ હતું કે જેની મનુષ્યાત્માને કદિ અસર પણ થઈ નહિ હોય તેના આત્માએ આનંદ પવિત્રપણામાં હતો. ઘણા ઊંડા અને તીવ્ર તિરસ્કારથી તેમણે પાપનો પ્રતિબંધ કીધો હતો પવિત્ર સ્વચ્છ દર્દ વગરની કુદરતી આરસીમાં થોડા પલ બહારની અપવિત્રતાથી ઝાંખ અને ડાઘ લાગે છે તેમજ જે વીરપરમાત્માએ આ પાપથી ભરેલી દેખાતી દુનીઆમાં પાપકર્મનો તદ્દન અટકાવ કરીને પૂર્વના કર્મશત્રુના ઘોર યુદ્ધમાં ત્રીશ વરસ સુધી એક સરખી રીતે દ્રઢતાથી સામા થઈને આખરે જીત મેળવી છે, તેની બહાદુરી કોણ કરી શકે તેવું છે. મનુષ્ય જાતપર દયા અને પ્રેમ રાખે તેવો ઘણુંજ નમ્ર હૃદયનો આત્મા, પ્રાણી માત્રપર ઘણુજ ઉદાર ઉપકાર કરનારો આત્મા. જેમ શ્રી વીરપ્રભુ માણસ જાતના દીલગીરી અને દુઃખો સામે થયા તેમ કદી દ્રઢતાથી સામે ટકી શકતો નથી. તે ઘણુંજ માયાળુ અને દયાળુ પરમાત્માએ આ કંગાળ જગતમાં શા માટે દુઃખ સહન કીધા હશે, શામાટે જગતની દ્રષ્ટિમાં આંસુઓ. દુઃખો. વ્યાધિઓ અને ઉપસર્ગો જાતી જોઈને સહન કીધા હશે? મહાવીરનું જીવન પરમાત્મપદની છેકજ નજીક હતું, અને પરમાત્મા થવાને તેમ કરવાની જરૂર હતી, કોઈ પણ સામાન્ય મનુષ્ય અંતઃકરણ એવી રીતે પરમાત્માની નજીક આવી શકવાને સમર્થ

થયા હતા મનુષ્યની વચ્ચે થઈને પોતે અસહ્ય દુઃખો સહન કીધાં છે. ગોવાળીઆ જેવી હલકી જાત તરફથી તેના કાનમાં ખીલા ઠોકવામાં આવ્યા તે વાગતાં છતાં પોતાનું પૂર્વ કર્મ ખપાવવાને સાંભળતા ઋણ કપાવી છૂટે તેવું તે અસહ્ય દુઃખ તેણે સહન કીધું. જો કે વીરપરમાત્માની મૂર્તિ વિષે આપણે વિચાર કરીએ તો આપણા અપૂર્ણ અંતઃકરણમાં તે વિષેનો વિચાર થતોજ આવે અને અસ્પષ્ટ રીતે આવી શકે તોપણ આત્મિક અવનતિનું દુઃખ કાંઈક એવી લાગણીવાળું છે કે જે જાણવાને દૈવિક અંતઃકરણમાં તદ્ન અજ્ઞાન નથી.

જ્યારે જગત્પર મહાપુરૂષના અભાવે અંધકાર થઈ જાય છે, મનુષ્યની દુષ્ટ વૃત્તિ વધારે ખરાબ થતી જાય છે ત્યારે કોઈ મહાપુરૂષ જન્મ લે છે. અને દુષ્ટો જીવોનો ઉદ્ધાર કરી હજારોને માર્ગ ઉપર લાવે છે. તેવીજ રીતે વીરપરમાત્માના સમયમાં પણ ઘણા હલકા મનુષ્યો હતાં કે જેમની અવનત સ્થિતિ જોઈને દયા ઉપજે તેઓનો શ્રીવીરપ્રભુએ ઉદ્ધાર કર્યો. મહાવીરના ઘણા ખરા દુઃખોમાં એ પાપ એક ઊંડી લાગણીવાળું દુઃખ હતું કે તે મનુષ્યજાતને ભવિષ્યમાં ઘણીજ દુઃખી અને આત્મિક અવનતિના ખાડામાં પડતી જોતા હતા. બાર વરસ સુધી પોતાના ઘોર રહેલા કર્મ ખપાવવામાં જે જે ઉપસર્ગો નડ્યા તેમાંથી ઉપસર્ગ કરનારનું અને ઉપસર્ગ લેનારનું તેમણે કલ્યાણ કરવામાં પોતાની અપૂર્વ દયા બતાવવામાં બાકી રાખી નથી.

કોઈ મહાન્ પ્રજાની અદ્ભુત કીર્તિ નષ્ટ થતી જે મનુષ્ય જુએ છે, ત્યારે તેને ઘણોજ આશ્ચર્યજનક ગમ્ભીર વિચાર ઉદ્ભવે છે. અને પ્રાચીન સમયથી તેની હાલ સુધી [illegible] મહત્વની દુર્દશા. જોઈને તેને ઘણું [illegible] થાય છે ત્યારે એક મુસાફર જે દેશની રમણીય ભૂમિ અને મનોહર સ્થિતિમાં આનંદથી રહેતો હતો, તેની પડતી [illegible] મુસાફર કહે છે. જ્યારે તે આશ્ચર્યજનક નાશ નજરે જુએ અને તેની મહત્તાનો વિચાર કરે છે, અને તેને નષ્ટ થએલ જોઈને દુઃખ પામે છે અને મનુષ્ય [illegible] દુઃખ [illegible] અને [illegible] જાતને [illegible] અને દુઃખી અવસ્થામાં તે [illegible] ત્યારે તેના અંતઃકરણમાં [illegible] રીતે પણ તે [illegible] અને [illegible] અસર થાય છે, અને તે [illegible]

નિઃશ્વાસા નાખે છે. પરંતુ જ્યારે માણસ જાતની ખેદ ઉપજાવે તેવી નૈતિક અને આત્મિક અવનતીની અગાઉની સારી સ્થિતિ સાથે સરખામણી કરતાં અને તે કીર્તિ સ્થંભોને યાદ કરતાં છતાં તેને માટે કોઈ વિચારવંત અંતઃકરણમાં જુદોજ વિચાર આવી શકે છે. કુદરતની શક્તિની છાપ જ્યારે ઘણા હલકા અને ઉતરતા વખતમાં પણ વસ્તુઓપર પડે છે. ત્યારે તેની સાથે મનુષ્યના વિચાર અને મહેનતની ઘણી ઉંચી યોજનાઓ તદ્દન નજીવી જેવી થઈ જાય છે. ધર્મની હાની થાય છે અને નીતિનો લોપ થાય છે ત્યારે મનુષ્યના હાથથી ઉછેરવામાં આવેલા પદાર્થોને કુદરત કેવી રીતે નષ્ટ કરે છે તે મનુષ્ય આશ્ચર્યની સાથે જોઈ રહે છે. જ્યારે મનુષ્યના આત્મામાં સર્વ અંધકાર થઈ જાય છે અને આત્મિક શક્તિ કાંઈપણ કામ કરી શકતી નથી ત્યારે કુદરત જગતની મહત્વતા અને મનુષ્યની શ્રેષ્ઠતાનો લોપ કરી તેનાપર ભયંકર પ્રસંગ લાવી કેવી રીતે પાયમાલી કરે છે, માણસ જાતને જે પગવાળા પશુ જેવા કેવી રીતે બનાવી મુકે છે તેનો વિચાર કરતા અંતઃકરણ ઘણું ખેદિત થયા વગર રહેતું નથી. જે શરીરમાં આત્માનું રહેઠાણ છે અને જેના ચમત્કારિક કાર્યો અને શક્તિના દેવતાઓ પણ મનુષ્ય જાતની ઈચ્છા કરે છે તે શરીરની પણ કેવી રીતે દુર્દશા થાય છે. કે જે જોઈએ હૃદય શોક અને સંતાપથી આર્દ્ર થઈ જાય છે તોપણ આવા [illegible] જમાનાના જ્યારે પરમાત્મા જે સ્થળે વિચરતા હતા. ત્યારે દરેક દુખી અને દરિદ્રી મનુષ્યના ઉદયના દિવસો આવ્યા વગર રહેતા નહિ તે પરમાત્માના પ્રભાવથી દેવતાઓ તથા જ્યાં વિચરે ત્યાં જગતમાં [illegible] વૃદ્ધિ કરતા હતા અને આસપાસ ચાર જોજનમાં સર્વ પ્રકારની શાંતિ રહેતી હતી.

શરીરનો નાશ થાય તે આત્માની અવનતિ આપણા નજરે છે શરીર એ કાંઈ જીવિત પદાર્થ નથી. તે આત્માના આધારેજ રહેવાવાળો અજીવ પદાર્થ છે અને જીવરહિત હોય છે ત્યારે જોઈએ તો તે પાંચ મહાભૂતનો બનેલો એક આકારવાળો પદાર્થ છે. આત્મા અનાદિ અનંતકાળે અવિનાશી છે અને પરમાત્મ સ્વરૂપને પામવા લાયક ચૈતન્ય સ્વરૂપવાળો છે માત્ર જડ સ્વરૂપી કર્મના બંધનથી તેની અવનતિ અને દુર્દશા. તથા પરતંત્રતા થયેલી છે. શરીર એ કેવળ વિકાર અને જ્ઞાન વગરના પદાર્થનું માટીનું પુતળું છે, જેથી કે

...વંત પુદ્ગળ છે. જ્યારે આત્મા એ પોતાની છુપી શક્તિમાં પવિત્ર
પવિત્રપણું પ્રાપ્ત કરી પોતાની શક્તિથી ચતુર્ગતિમાં ભ્રમણ કરનારો
ને તેમાંથી મુક્ત થનારો ચૈતન્ય સ્વરૂપી પદાર્થ છે.

ત્યારે જે પદાર્થ અમર, અજર અને પરમાત્માના જેવોજ છે,
પદાર્થની પાયમાલી થતી જોઈને આપણને આશ્ચર્ય નહિ થાય? શું
...પરમાત્માને એવા અનંત શક્તિવાળા આત્માઓની દયા નહિ
...વી હોય? નહિ; તે વીરપ્રભુએ અસંખ્ય જીવોને પરમાત્મપદ
...ચ્યું છે, પરંતુ જેમનામાં કર્મને સામે થવાની શક્તિનો અંશ પણ
હોતો. તેઓજ વીરપ્રભુના પવિત્ર જીવનનો લાભ લઈ શક્યા નથી.
...બા બાહ્ય પદાર્થમાંથી વીરપ્રભુની જે દૃષ્ટિ હતી, તે બીજા દરેક પ્રાણીની
...જરથી છુપી અને જુદી હતી. બીજા મનુષ્યો પોતાના જાતિ બંધુઓના
...આત્માની અવનતિ થતી જોઈ શકતા નહોતા ત્યારે છુપા રહેલા અ-
...છુપી આત્માઓની અવનતિ વીરપ્રભુની દૃષ્ટિ જોઈ શકતી હતી અને
તેમના ઉન્નતિના માર્ગમાં મુકવામાં તેઓ ઉપકાર બુદ્ધિથી દરેક
પ્રયત્ન કરતા હતા. જો કોઈ મનુષ્યને દાખલા તરીકે એકજ અઠવા-
ડીઆ સુધી પોતાના જાતિભાઈઓના અંતઃકરણની નીચે આત્માની
જે હીલચાલ થતી હોય અને આત્માની જે સ્થિતિ હોય તે જાણવાની
છુપી શક્તિ આપવામાં આવી હોય તો તે મનુષ્ય ખરેખર અંદરની
ભયંકર સ્થિતિ જોઈને ભયભીત થઈ જશે અને કાંઈ પણ શક વગર
તે આ અપૂર્વ શક્તિનું તુરત રાજીનામું આપશે; પરંતુ જે જોવાને
અપૂર્ણ અને અશક્ત મનુષ્ય શક્તિમાનનથી તે વીરપ્રભુએ પોતાના
જીવનમાં નિરંતર જોયું હતું, બધા અંતઃકરણો તેના આગળ ઉઘાડા
હતા અને તેથીજ તેના બધા ગણધરોની પુછવા વગર શંકાઓ
ટાળી ભવસાગરમાં પડતા તેમને બચાવ્યા હતા. મનુષ્યના આકાર
અને મુદ્રા જોઈને તેઓ તેમની સ્થિતિ જોઈ લેતા એટલુંજ નહિ
પણ માણસના અંતરમાં શું હતું તે તેઓ સૂક્ષ્મ રીતે જાણતા.
અરે! દરેક આત્માનું જાણે તેણે વાંચન કીધું હોય તેવું હતું. અને
દરેક સ્થળે જ્યાં તે પૂર્વે પવિત્ર, નિર્મળ, સુખી આત્મા હોય
તેને સ્વાર્થી મગરૂર અને દુરાચાર તથા નાસ્તિક થઈ ગએલો
જોતા ત્યાં જો તે આત્મા ભવિ હોય તો તેને ફરી જાગૃત કરી તેનો
ઉદ્ધાર કરતા. ત્યારે તેમની અપૂર્વ ઉપકારની લાગણી કે જેને માટે આપ-

ણા મગજમાં કલ્પના પણ આવી શકે નહિ તેની આપણે કદી શંકા લા[illegible] શકીશું કે જે વિકાચિન કર્મ જન્ય બાહ્ય દુઃખો હતા. તેના વિષે તેને મધ્ય સ્થ ભાવવાળી લાગણી થતી હતી, બેરાં, મુંગા, પશુ પક્ષીઓ, નરક જીવો અને અભવિ જીવોને માટે તેને ઘણીજ લાગણી થતી [illegible] જે ભયંકર ભવિષ્ય આ ભરતક્ષેત્ર પ્રાણીઓને માટે નિર્માણ થયું [illegible] તેને માટે તેને શીશી લાગણીઓ થઇ હશે? તે કહેવાને કોણ [illegible] છે? જેમના અપૂર્વ ઉપકારની લાગણીઓ અને મનુષ્યમાં [illegible] ચ્ચે રહીને પોતે દુઃખ સહન કરવાનો એકજ દાખલો ખાત્રી [illegible] કે વીરપ્રભુ આપણા છેલ્લા ઉદ્ધારક હતા અને આપણા [illegible] તેમના સમયે આપણા જીવો કયાં ભ્રમણ કરતા હશે તે આપણે [illegible] ણતા નથી. નહિતર એ ઉપકારની મૂર્તિથી આપણો પણ કયારનો ઉદ્ધા ર થઇ ગયો હોત તેનું ઉદાહરણ હું આપવા માગું છું તે એ છે કે જે વખતે તે મહાત્મા આ સંસારમાં પોતાના છેલ્લા મનુષ્યભવનું આયુષ્ય પુરૂં કરી નિર્વાણ પામવાના હતા તે છેક છેલ્લે વખતે પણ શારીરિક શક્તી ક્ષીણ થતી જતી હશે ત્યારે ભવ્ય જીવોનાપર ઉપકાર કરવાની એકજ નિર્મળ બુદ્ધિથી બરાબર સોળ પહોર સુધી ઉપદેશ આપી તે વખતે પણ હજારો જીવોનો ઉદ્ધાર કર્યો હતો.

મહાવીર જીવનના દુઃખમય પ્રસંગો વિષે ઉદ્‌ભાવતા કેટલાક વિચારો.

જે વિચારોની શ્રેણી આપણે ઉપર દર્શાવી ગયા, તે પરથી બીજી પણ ઘણી સૂચનાઓ આપોઆપ ઉદ્‌ભવે છે. મહાવીરના દુઃખો અને ઉપસર્ગોના સઘળા પ્રસંગો દાખલા તરીકે ખુલ્લી રીતે મનુષ્ય જીવનના ઉદ્ધારમાં અનેક રીતે સહાયક હતા, અને હજુ પણ છે, કારણ કે જે પ્રસંગો આપણે જાણીએ છીએ, અને જે છુપા ભવિષ્યનું અને ન કહી શકાય તેવું સૂચન કરનારા છે તે આપણા હૃદયમાં જરૂર એવી છાપ બેસાડ્યા વગર નહિ રહે કે, ઘણા દુઃખ સહન કર્યા વગર કર્મથી મુકત થઇ શકાતું નથી. તેમજ તેથીકરીને ગમે તેવા અસહ્ય દુઃખના પ્રસંગે પણ મહાવીરના જીવનને યાદ કરતાં એક જાતનો અપૂર્વ દિલાસો મળે છે. દુઃખની કેટલી કીંમત છે, તે તેમના જીવનમાંથી મળી આવે છે. જે ઉંચદશામાં વીરપ્રભુએ નૈતિક અને

મહાત્મ્યનું વાતાવરણ ફેલાવ્યું હતું, જે પવિત્ર અને દૈવિક
તાત્ત્વજ્ઞાનથી જગતનો અંધકાર દૂર કર્યો હતો તે ખરેખર
ઘણુંજ આશ્ચર્યમાં ગર્ક કરી નાખે તેવું અને નાસ્તિકોથી
શકાય તેવું ચમત્કારીક મહાત્મ્ય હતું. જાણતા છતાં જેમણે
આરોપ વના, અને દુષ્ટજનોના ઉપસર્ગોના દુઃખો સહન કો-
છની શક્તિએ તેમનો પ્રતિકાર કરવાને બદલે જેમણે ઉદ્ધાર
રી વીરપ્રભુના આશ્ચર્યજનક જીવનનો કોણ પાર પામી
તું છે. ?
તે મહાવીર પ્રભુની આવી ઉપકારની લાગણીને વધારે સ્ફુટ
ર તેના સઘળા દુઃખો જે અટકાવી શકાય તેવા હતા તેનાપર
ર કરીએ. વીર પ્રભુની માત્ર પ્રભુની લાગણી કાંઇ ક્ષણિક
તેમજ તેના દુઃખો અને આત્મભોગ મનુષ્ય પ્રત્યે પ્રેમની
લો બનાવવા માટેજ તેણે સહન કર્યા નહોતા તે એવા
ન હોતા તેમજ એવા માણસના પણ નહોતા કે જેનો
કર્યા વગર અને પરિણામ જાણ્યા વગર તેણે કીધા હોય તે સારી
જાણતા હતા કે કર્મને નષ્ટ કરવાને અને તે નિમિત્ત મનુષ્ય જાગૃ
થાય તેટલા માટે મારે અવશ્ય દુઃખ સહન કરવાંજ જોઇએ તેન
વિષ્યની સઘળી ધારણી ગમે તે પ્રસંગે નાટકરૂપે સ્વચ્છપણે તે
મુખ હતો અને તે પણ તેના જ્ઞાનમાં જેમ તે સંપૂર્ણ હતા તેમ
તેમના નિશ્ચયમાં પણ તેટલાજ દૃઢ હતા. મનુષ્યનું વીર્યબળ ગ
વી ગરમીમાં અને યુદ્ધની ગમે તેવી ફેરફેરણીમાં ઘણાજ શૂરવી
ના કામો કરે છે; પરંતુ જો આગળથી તેમને પોતાના
ભવિષ્યની ખબર આપવામા આવે તો તે જરૂર પોતાનું પરા
બતાવવાને માટે જશે નહિ. એક દરીઆઇ મુસાફર જ્યારે મોજ
શાંત હોય છે ત્યારે સમુદ્રમાં આગળ વધવાને લલચાય છે;
જો તેને તોફાનની ધાસ્તિની ખાત્રી કરી આપવામાં આવે છે તો
કોઇ પણ લાલચથી તે આગળ વધવાને ઉદ્યમવંત થશે
પરંતુ વીરપરમાત્મા કે જેમણે એકવીશ હજાર વરસ
શાસન જયવંતુ રહે તેને માટે ઉંડા પાયા નાખેલા છે
અંધકારના મહાસાગરમાંથી પસાર થઇને ગમે તેવા ભારે તો
વિખેરી નાખ્યા છે અને તેમના આત્માપર તે મહાસાગરના પા

આત્મા, તોપણ એક પગલું પણ તેઓ પાછા હઠ્યા નથી. તે વીર-
પરમાત્મા પ્રત્યે જેવો ગૌતમ સ્વામીનો અચળ પ્રેમ હતો અને જે
રાગ દશાને લીધે તેઓ કેવળજ્ઞાન મેળવી શકતા નહોતા તેના જેવો
અચળ પ્રેમ દરેક કર્મથી ઘેરાએલા મુક્ત થવાની ઇચ્છાવાળા મનુષ્યે
વીરપ્રભુ પ્રત્યે રાખવો જોઇએ.

વળી વીરપ્રભુના દુઃખમય જીવનથી જેઓ ઘણા બેદરકાર અને
નાસ્તિક હોય છે તેઓને પોતાના આત્મિક લાભો મેળવવાને જાગૃત
થવા ચેતવણી નથી મળતી શું? પાપકર્મના માઠા પરિણામના તા-
દૃશ ભયંકર ઉદાહરણ અને જેઓ પોતાના પાપકર્મના ઘોર પરિ-
ણામને માટે બેદરકાર હોય તેની મગરૂરી ભરેલી ધારણી વીરપ્રભુના
દુઃખ સિવાય બીજે કયે સ્થળેથી મળી શકે તેવું છે? ખરેખર કે
વીરપ્રભુને પાપકર્મના અસહ્ય દુઃખો સહન કરવા પડ્યા તે જોઇને
દરેક પ્રાણીને એમ સહજ વિચાર થશે કે આપણા પણ શું હાલ
થશે? તમારા આત્મા વિષે અને તેના હમેશના લાભ વિષે જો તમે
નિશ્ચિંત હો તો વિચાર કરજો કે તમારા આત્માને અને વીરપ્રભુની
દુઃખમય સ્થિતિને કશો સંબંધ નથી. જ્યારે મહાન લડાઇમાં જે
મુખ્ય સરદાર (યોદ્ધો) હોય છે તે ઢીલો પડી જાય છે, ત્યારે બીન-
અનુભવી સીપાઈ ધ્રુજવા લાગે, જ્યારે ઘણોજ હુશીઆર ડાક્ટર
દરદને જોઇને ધાસ્તી બતાવે છે ત્યારે દરદીની આશા ઘણી ઘટી રહે
છે. તેવીજ રીતે જ્યારે પરમ તેજસ્વી મહાવીર ભગવાનને પણ પાપ-
કર્મના ઉદયથી દુઃખો સહન કરવા હોય ત્યારે જેઓને [illegible] પાપક-
ર્મના દુઃખો પડવાના છે તેવા સામાન્ય જીવોએ શું શાંત અને
નિશ્ચિંતપણે બેસી રહેવું જોઇએ કે? હમેશાં પાપકર્મના [illegible] તરફથી
ઘેરાએલા એવા આપણે તેના માઠા ફળ (દુઃખ)નું ચોક્કસ પ્રમાણ
કરી શકીએ નહિ, પરંતુ આપણી વતી મહાવીર પરમાત્માએ અનુ-
ભવ જીવન વાટે પાપકર્મનાં ઘોર દુઃખોનો ખ્યાલ તે જણાવ્યો
છે, અને જ્યારે આપણે તે વીરપ્રભુને દુઃખ અને કેવળજ્ઞાન પા-
મતાં જોઇએ છીએ ત્યારે આત્માની સ્થિતિ વિષેની [illegible] નહીં
લાગણી શું ઉત્પન્ન નહિ થતી? પોતાના અભિમાન [illegible] અને
આખું [illegible] શકીએ નહિ તેમજ ચોક્કસ પ્રમાણ કરી શકાય નહિ.
પરંતુ વીરપરમાત્માએ પોતાના આત્માનો [illegible] કેવળ

મોક્ષ પણ કેટલો ભોગ આપવા પછી થઇ શકશે? અને હાલ પણ જ્યારે તેને સઘળા દુઃખો સહન કરીને મુક્તિ મેળવવાને ચોવીસસો પાંત્રીસ વરસ થયા છે ત્યારે પણ તેનું આલંબન તમોને કાંઈ ઓછું બળ આપે તેમ નથી. જાણીતા દુઃખોથી દૃઢ રહીને અને જગતના દરેક મનુષ્ય જે દુઃખથી નાશી છૂટે તેવા દુઃખથી સામે થઈને તેમણે હમેશનું સુખી જીવન (મોક્ષ) પ્રાપ્ત કીધું છે અને મોક્ષ કેમ પ્રાપ્ત થાય તે તમોને પોતાના ઉદાહરણથી બતાવેલું છે. તમારા આત્માની મુક્તિને માટે તમોને મહાવીર પ્રભુના જીવનથી વિશેષ પુષ્ટ આલંબન બીજું કયું મળી શકે તેમ છે? તેના વચનોના આધારે અને તેમના જીવનના માર્ગમાં ચાલતાં તમો જરૂર મુક્તિનો સરલ માર્ગ શોધી શકશો, તેમના પ્રત્યે અપૂર્વ ભક્તિભાવ અને શ્રદ્ધાથી તમારી સઘળી મુશ્કેલીઓ દૂર થશે, ગમે તેવા દુઃખો સહન કરવાને તમે શક્તિમાન થશો અને એ રીતે તમારા દુઃખોનો પણ હમેશને માટે અંત આવશે.

હાલપણ મુક્ત થવાને જે કોઇ ચિંતાતુર આત્મા હશે તે પોતાના પાપને ખુલ્લા કરી મહાવીર પ્રભુ પ્રત્યે ભક્તિભાવથી આજીજી કરીને દિલાસો મેળવી શકશે. બીજા કોઇપણ સ્થળ કરતા એ અપૂર્વ દિલાસાનું સ્થળ છે. તમારા ગમે તેવા ઘોર પાપ હશે. ગમે તેવી વર્તમાન દુઃખી સ્થિતિ હશે તેમાં મહાવીરનું જીવન યાદ કરવાથી તમોને જે દિલાસો અને ધીરજ મળશે તેવો બીજા કોઇના તરફથી પણ મળી શકશે નહિ. તેમના દુઃખોનો અંત આવ્યો છે અને તે હવે તમારાથી ઘણો દૂર અદૃશ્ય છે તોપણ તેના પરમાત્મસ્વરૂપના પ્રભાવથી તમારો શ્રદ્ધાળુ આત્મા પરમાત્મ ભાવને પામ્યા વગર રહેશે નહિ તમે ગમે તેવા પાપી પશ્ચાત્તાપ વગરના અને નાસ્તિક હશો તો પણ જો તેમના પ્રત્યે શુદ્ધ પ્રેમભક્તિથી શ્રદ્ધાવાળા થશો અને તમારા જીવનના ઉદ્ધારનો આધાર તેનેજ ગણશો તો આજે પણ તમો તેના જેવા થવાનો માર્ગ તેની ભક્તિથી મેળવી શકશો. તમો વિચાર કરો કે જ્યારે તે તમારા જેવાજ મનુષ્ય થઇ તમારામાં વિચરતા હતા ત્યારે પણ પરોપકાર બુદ્ધિથી રાગ દ્વેષ વગર હજારો જીવોના ઉદ્ધાર કરવાને શક્તિમાન થયા હતા ત્યારે શું આજે જ્યારે તેઓ પરમાત્મા થયા છે ત્યારે શું તમારો ઉદ્ધાર કરવાને તે શક્તિવાન નથી? તેઓ અનંત શક્તિવાળા છે અને તેનો લાભ જેઓ લેછે તેને મળી

. તેના આલંબનથી આજ પણ અનેક જીવો મોક્ષ મા
ધસતા દેખાય છે તો પછી તમારે શામાટે તેનું આલ
લેવું જોઈએ.

વીરપ્રભુના અપૂર્વ જીવન અને અનંત શક્તિ વિષે કે
ભાવવી તે મૂર્ખાઈ છે, એક ખેડુત પોતાના પાકને માટે
મ સહન કરે પોતાની શક્તિનો વ્યય કરે, તાપ અને ઓ
છે, અને જ્યારે અનાજ પાકી જાય ત્યારે તેની કાપણી કર
ડે, અને પાકનો નાશ થવા દે એવું કદિ બને કે? નહિજ
તેવીજ રીતે જેઓ વીરપ્રભુની ભક્તિ કરી તેમનાપરંજ
ખશે, તેઓ શું મુક્ત થવાના માર્ગમાં આવી ગયા પછી
જોઈ રહેશે કે? જો તમો મહાવીર જીવનને તમારી નજ
અને મહાવીરનેજ આધારરૂપ ગણો તો તમારી અને
સ્થિતિ વચ્ચેનો અંતર આ જગતમાં કોઈ પણ રીતે રહે
નથી. આખર જના મહાવીરનુ મહવીરપણુ અને તમ
પણું એક રૂપ થશે.

જમાયતમાં આપણી પ્રકૃતિનું ઉંડાણ પ્રકટી નીકળે અને એક બધાના હૃદયમાં શું છે, તે દરેકને બનાવી આપે તો તેનું રહસ્ય આપણે અરસ્પરસ ન સમજી શકીએ તેવું ઉંડું છે, અથવા તો એમ હશે કે, દુઃખ અને હાડમારીના પ્રસંગો અરસ્પરસ ભોગવવાથીજ પ્રેમ વિશેષ દૃઢતર થાય છે. આ બાબતનું નિરાકરણ ગમે તે થતું હોય, તોપણ આપણે એટલું તો જાણીએ છીએ, દુઃખ અને દિલગીરીના પ્રસંગોમાં કોઇ એવો ચમત્કાર રહેલો છે, તે સરખા દુઃખીઆઓને જોડી દેછે, હૃદય હૃદયને અને આત્મા આત્માને દુઃખમાં સાથે મળેલા આપણે જોઇએ છીએ, પણ સુખના પ્રસંગથી માણસો એક થતા કે, જોડાઇ જતા કદી જોઇ શકાયા નથી. જેઓ પડતીમાંથી બહાર આવતા હોય છે, આશા અને નિરાશાના તોફાનમાં જેઓ સાથે મળી સહન શીળપણે એક સરખો પ્રયત્ન કરે છે, એક લશ્કરમાં જેમ ગોળીઓનો વરસાદ પડવા છતાં જેઓ એક બીજાની બાજુએથી ખસ્યા વગર એક બીજાનો બચાવ કરે છે અને ભયંકર ત્રાસદાયક ઘેરામાં સપડાએલા થોડા ઘણા બહાદુર લડવયાઓ એક સાથે દુઃખ સહન કરવાને તત્પર થાય છે તેઓ જે સામાન્ય રીતે ઉંડી લાગણી અરસ્પરસ એક સરખી રીતે ધરાવે છે તે ઉદાહરણો દુઃખના ભાગીદાર ઘણા હોવાનો અને ચુસ્ત દૃઢ રીતે વળગી રહેનાર હોવાનો પુરાવો આપે છે. જો આપણે શાંત જીવનમાં પણ તેવા ઉદાહરણ શોધીએ તો એક કુટુંબ જ્યારે ઘણું દુઃખી અને દરિદ્ર હશે ત્યારે ટકી રહેંચીને ઐક્યતાથી માગી ખાવાની તેમની જે વૃત્તિ હશે તેજ કુટુંબ જ્યારે શ્રીમંત અને સુખી થશે ત્યારે ભાગ્યેજ તેવી અક્યતા જાળવી શકશે. હવે આવાજ પ્રકારના વિચારો શ્રેષ્ઠ આત્માના હૃદયમાં સરખા દુઃખી જીવોને જોઇને થય છે અને જાણે તે દુઃખ પોતે લઇ લે તેવી લાગણી થાય છે તેવીજ રીતે જ્યારે આપણે મહાવીરના દુઃખોની હકીકત સાંભળીએ છીએ ત્યારે તેના ભાગીદાર થવાની આપણને લાગણી થયા વગર રહેતી નથી. જેમ મહાવીરના દુઃખો બીજા સધળાંના કરતા વધારે ત્રાસ ઉપજાવનારા હતા તેમ તે દુઃખો ઘણા આત્માઓને વધારે ને વધારે નજીક જવાને આકર્ષણ કરતા હતા દુઃખી હૃદયના છુપા ઉંડાણમાં મહાવીરના દુઃખો વધારે સ્પષ્ટ રીતે સમજી શકાતા અને તેઓમાં મહાવીરનો પ્રેમ વિશેષ ને વિશેષ

...નર થઈ જતો હતો દુઃખની પવિત્ર આંધીથી ઘડાએલા તેઓ દુઃખ
...ભોગવનાર મહાવીરના નજીકના સંબંધી થઈ જતા અને પોતે
...ણ તેવા દુઃખને સહન કરીને મહાવીરપણાને પ્રાપ્ત કરતા હતા
બીજા તીર્થંકરોના જીવન કરતાં મહાવીરનું જીવન જે વધારે અસર
કરે છે તે માત્ર તેના ઘોર દુઃખોને લીધેજ છે. તેથી કરીને દુઃખને
અ. આશ્ચર્ય જેવી બાબત ગણવાને બદલે તે અનેક જીવોપર
આ દુઃખમ કાળમાં વિશેષ ઉપકાર કરનારી અને સદા
ભક્તિ રીતે મનુષ્યને જાગૃત કરનારી યાદગાર બાબત
થઈ પડી છે. જો મહાવીરનું જીવન મધુર અને દુઃખથી
કેવળ રહિત હોત તો તેના અનુયાયીઓના તો શીર તેના
જેવા ભયંકર દુઃખો આવી પડત, મહાવીર પોતે સુંદર
અને સરલ માર્ગે મોક્ષ મેળવી જાત અને બીજાઓને
ઘણા ખડબચડા અને કાંટાવાળા માર્ગે મોક્ષ મેળવવાનો હોત તો તે
ખરેખર આશ્ચર્યકારક તેમજ ઘણા જીવોને નુકસાનકારક થઈ પડત.
તેથી કરીને મહાવીરના દુઃખો બીજા આત્માના દુઃખો સાથે મિશ્રિત
થવાથી અને તેનોજ માર્ગ કડક, કાંટાવાળો અને ખડબચડો હોવાથી
બીજાઓ તેને પસંદ ચાહવાને દૃઢ શ્રદ્ધાવાળા હોવાથી તે મહાવીર
પોતાની સાથે બીજા હજારો જીવોનો ઉદ્ધાર કરી ગયા છે. એકજ
શબ્દમા કહીએ તો પ્રાણીઓ ઉંડી શ્રદ્ધાવાળી લાગણીથી મહાવીરના
દુઃખો જોઈને તેની નજીક આવીને તેમા ભાગીદાર થવાની ઇચ્છામાં
પોતાના ઉદ્ધારનો માર્ગ શોધી શકવાને સમર્થ થયા છે.

પરંતુ બધા દુઃખો એવા નથી કે જેમા મહાવીર સાથે આપ-
ણે મનાને આગળ વધીએ. ખુલ્લી રીતે કેટલાક એવા દુઃખના
પ્રસંગો હોય છે કે જેને સહન કરવામા મહાવીરની પેઠે પોતે
દિલાસો લેવાને પણ શક્તિવાન થઈ શકે નહિં. જો કે ઉપર ઉપરથી
એમ દેખાય છે કે બધા દુઃખોની લાગણી બધા જીવોને એક સરખી
થતી હશે; પરંતુ તેવું નથી. મહાવીરને એવી લાગણી કે તે દુઃખો
સહન કરતાંજ તેના પાપ પલાયન કરી જતા, જ્યારે બીજા પ્રાણીઓ
દુઃખ સહન કરે છે તે વખતે તેઓમાં વળી બીજા પાપ થોડા અથવા
વધારે પ્રમાણમાં મિશ્રિત ભાવે પ્રવેશ કરે છે; તે છતાં પણ ઘણા
... આત્માઓ નિર્વિકલ્પ ભાવે દિલાસા સાથે હૃદયે આવેલા ક-

ર્મને દૂર કરી નવા બંધથી દૂર પણ રહે છે. તેના દુઃખો સારા કરવા માટે હોય છે, પણ ખરાબ કરવાને માટે હોતા નથી, સામાન્ય અને શ્રેષ્ટ માણુસોના દુઃખોમાં આવોજ ફેર હોય છે. અલબત પણ મહાવીરના દુઃખો તેઓ કેવી રીતે સહન કરતા તે સમજવાને શ્રેષ્ટ આત્માઓ શકિતવાન થઈ શકે નહિ તોપણ સઘળા જાગૃત અને ઉચ્ચ પદના અભિલાષી આત્માઓ જેઓ મહાવીરના પગલે ચાલવાને તૈયાર હોય છે તેઓ મહાવીરના દુઃખના ઉંડા અનુભવી થવાની યોગ્યતાવાળા થઈ શકે છે. એક પવિત્ર આત્મા પોતાના પાપનું કઇ જાતનું દુઃખ સહન કરી દૂર કરી શકે છે તેની આપણે શોધ કરીએ. ઉદયે આવેલા પાપનું દુઃખ કયાં સુધી ઉમદા પ્રકારનું અને યોગ્ય કહી શકાય. પાપના દુઃખોમાંથી કયા તત્વો આપણી દુઃખી પવિત્રતાના ધોરણને નકી કરી શકે. આવા પ્રશ્નોના સંબંધમાં હું મહાવીરના દુઃખોપરથી મનુષ્યે શું વિચાર કરવાના છે તે જણાવીશ.

હૃદયના જાણીતા દોષ.

ઉદયે આવેલા પાપનું દુઃખ સહન કરવાનું એક ત્રાસદાયક તત્ત્વ કે જેનો સીધો અનુભવ હોતો નથી તે હૃદયના જાણીતા દોષને લગતો છે. પાપીની સાથે તે પાપના વિસ્તારની એક એવી મર્યાદા છે કે જેનાપર થઇને નિર્દોષ એવી કુદરત પણ પસાર થઇ શકે નહિ. વિશાળ હૃદયનો, મૂળરૂપવાળો, ઉદારતાવાળો મહાવીરનો પવિત્ર આત્મા મનુષ્યપણામાં જ્યાં પાપ આનંદરૂપ ગણાય છે, તે તરફ એક પગલું પણ આગળ ચાલતો નથી. પાપના અંધકારથી ઢંકાઈ ગયેલા ભયંકર ઘોર પ્રદેશમાં અને જ્યાં વૈર લેનારા અંતઃકરણનો જુસ્સો પ્રજ્વલિત છે ત્યાં તે મહાવીર પ્રભુ કે જેમને આપણી પેઠે લાલચમાં પડી જવાની ટેવ નથી તે આપણને દોરી જશે નહિ તે સર્વજ્ઞ પ્રભુએ ગમે તે ચોકસાઇથી માણુસના અંતઃકરણ વાંચેલા હોય, ગમે તેવી ઉંડી કરૂણાવાળી લાગણીથી તેણે મનુષ્યના દુઃખો સાથે પોતાના આત્માને જોડેલો હોય, તોપણ તેમાં દુષિત દુઃખોના એવા ઉંડાણ હોય છે કે જ્યાં નિર્દોષતા જરાપણ અવાજ કરી શકે નહિ આત્મિક અવનતિ, આત્મિક માન ભંગ, આત્મિક અવગુણનું જ્ઞાન, આત્મિક તિરસ્કાર, હૃદયનાં અસહ્ય ફંદાઓ કે જેમાં અપવિત્ર મોજશોખની યોગ્યતા

છે અને તેમાં પણ તે તેવાજ નાલાયક અને બીન અનુભવી હોય છે. આ જગત્‌માં પણ જેમ આપણી ધાર્મિક સત્યતાની કબુલાત ઝાંખી હોય છે તેમ દુષ્ટ માણસ પોતાના પાપને જાણતાં છતાં પરમાત્મા પ્રત્યે ધિક્કારની નજરથી જુએ છે અને પાપના ઉદયને જાણીને તેના દુઃખ ભોગવતાં વધારે ઘોરકર્મનો બંધ કરતા રહે છે. અને જો તેને આત્મિક લાગણીનું ભાન હોય છે તો તેના ખરા વિસ્તારમાં તેના પાપકર્મનો પરીઘ કેટલો છે તે તેને જણાઈ આવે છે. પોતાના જાતિ ભાઈના ધિક્કારથી કેટલાક પાપી મનુષ્યો પોતાના પાપથી કંપે છે પરંતુ જેઓ જાણી જોઇને અપવિત્રપણેજ પૂજ્ય માબાપ કે ભલા મિત્રને મળે છે અને તેનાપર પોતાની પાપવૃત્તિની નજરથી જુએ છે તેઓની સ્થિતિ ઘણી ભયંકર હોય છે. પાપકર્મથી બિકણ થઇ ગએલું હૃદય કોઈ મહાદેવી હાજર થાય તોપણ ડરીને નાશે છે અને કોઈ વખત માણસના ધિક્કારને સહન કરવાને બદલે આપઘાતની શાંતિને શોધે છે. પરંતુ માણસનો પાપ પ્રત્યેનો તિરસ્કાર અને દેવીનો પ્રકોપ તે માત્ર પોતાના પાપી હૃદયનું અપૂર્ણ પ્રતિબિંબ છે. પાપી માણસ કહે છે કે મૃત્યુ પછી કઇ ગતિ થવાની છે તે કોણ કહી શકે છે, અહીંના પાપ ત્યાં નડશે એ પણ કોણ જાણે છે પણ ખરેખર એ ઘણું દિલગીરી ભરેલું અને દયાજનક છે કે મહાવીર જે શાંતિથી દુઃખને સહન કરતા તેની પણ આવાભવાનંદિ જીવોને કંઈ પણ અસર થતી નહોતી. મહાવીરને પાપીપર દ્વેષ નહોતો તેમ ધર્મીપર રાગ નહોતો તેમજ નિર્દોષ પરમાત્માને તેવા અનેક નાસ્તિકજીવોનો એક ક્ષણવાર પણ અનુભવ થવાનું કારણ નહોતું. જો કે તે મનુષ્યની વચ્ચમાં રહેતો હતો અને જેઓ મુક્ત થવાને ઉદ્યમવંત હતા તેમને તેની દૃઢ સહાયતા હતી અને ગમે તેવા દુઃખોની સામે થવાની યુક્તિ તે ઉપકાર બુદ્ધિથી બતાવતા હતા પરંતુ તે છતાં નાસ્તિકપર તેને કશો પણ દ્વેષ નહિ થતાં તેનો ઉપકારનો વરસાદ તે એક સરખો વરસતો હતો અને તે જેને જેમ આવે તેમ લોકો ગ્રહણ કરતા હતા નાસ્તિકો ઉલટા માર્ગે ચાલે તેની સાથે તેને કાંઈ સંબંધ નહોતો. ગમે તેવા ભયંકર દેખાવોમાં અને જગતના દુષ્ટ પરિણામમાં તેની સામે ગમે તેવો તિરસ્કાર બતાવવા આવતો તોપણ તેની તેને જરાપણ દરકાર નહોતી એટલુંજ નહિપણ પોતાનાજ પા

ઓછા થતા જાય છે, પાપના નજીકના સંબંધથી આપણે ચેતીને વધારેને વધારે દૂર રહેતા જઇએ છીએ અને તેથી આપણા દુઃખી દશાના પ્રસંગમાં અને જગતના દૂષિત નીતિના વાતાવરણમાં આપણે આગળને આગળ વધતા જશું અને મહાવીરના દુઃખના ભાગીદાર બનતા જશું.

પવિત્ર હૃદયના અને કોમળ અંતઃકરણના સ્ત્રી પુરૂષોને કોઇ બિભત્સ વિચારથી ભરેલું પુસ્તક વાંચવાની ફરજ પાડવી તે તેને અસહ્ય થઇ પડશે તો પછી જેઓને પાપ પ્રત્યે તિરસ્કાર છે તેમને પાપકર્મના જીંદગી સુધીના માત્ર શબ્દથી નહિ પણ દરેક કાર્યમાં પણ પરિચય અને સંબંધમાં આવવું પડતું હોય તો ગમે તેવા શારીરિક ત્રાસ કરતાં તેને એ દુઃખ કેટલું અસહ્ય અને ભયંકર લાગશે? પરંતુ આવી જાતની કલ્પનાવાળો હાલનો પાપમય જગતમાં મહાવીરની સ્થિતિ વિષે આપણને ખાત્રી કરાવવામાં માત્ર મદદરૂપ થાય કારણકે તે મહાવીર પ્રભુની પવિત્રતા સંપૂર્ણજ્ઞાનવાળી અને ગમે તેવા પવિત્ર મનુષ્ય કરતાં પાપ તરફ વધારે તિરસ્કાર બતાવનારી હતી એટલુંજ નહીં પણ આ દુનીઆના પાપ વિષેનું તેનું વલણ બહુજ સૂક્ષ્મ અને તરત અસર લેવાના સ્વભાવવાળું હતું તેના હજારોગણી જ પાપ આવું પોતાના સઘળા અંતરથી ઉકેલ્યું હોય તેમ જગતને તેના પોતાના અને બીજાના દુઃખથી ભરપુર ભાગમાં દીઠું હતું. મનુષ્યની દુષ્ટ લાગણીઓ પણ એવા ઘોર પાપકર્મ તરફ તિરસ્કાર બતાવ્યા વગર રહી શકી નથી. મનુષ્યના અધમ આત્માએ મા પર અને દુર્ગંધીથી ભરેલું નર્ક જાણે સાથે મળીને ભયંકર રીતે મહાવીર પ્રભુની સામે ઉતરી પડ્યું હોય તેમ પાપકર્મે દેખાવ દીધો હતો. ઇતિહાસની અમર્યાદિત નોંધમાં પાપકર્મે પોતાની છેક છેલ્લી મર્યાદા ઉલ્લંઘી રહેલું અને તેના સાક્ષી તરીકે એકજ વીરપ્રભુનોજ દાખલો સમાગમમાં આવેલું હશે. તે વીરપ્રભુની દૃષ્ટિમાં પાપકર્મ ગમે તેટલા વેશ ધારણ કરીને આવ્યું તોપણ દૂર થઇ શક્યું નથી. તેને તેટલા પ્રપંચ અને દુર્બુદ્ધિમાં ખુશામતને સ્વરૂપે કે સત્યરૂપમાં તે ઘોર પાપકર્મનું વીર પ્રભુ પાસે કશું ફાવ્યું નથી. તેને તેમ સાબિત કે ત્યારે પેટમાં હેત તોપણ પણ તેનાથી છુપું રહ્યું નથી. આપણી ખાત્રી હતી તેનાથી આવી પ્રવૃત્તિ અંધારે જઇ રહેલ તેમ મને તેઓ પાપીઓમાં અને દુરાચારી

ા રહીને પોતાની શ્રેષ્ઠતા જાળવી શકતા હતા અને એટલા
ા પોતાને પાપકર્મનો ઝાંખો સ્પર્શ થઇ શકતો નહોતો
માં આવીને ઘણા સૂક્ષ્મ અને તીણા દુઃખો સાથે રહીને
ને બહાદુરીથી તેમણે સહન કર્યાં હતા.

ા પાપકર્મ જોવાથી ઉત્પન્ન થતી લાગણી.

ર્મના જે દુઃખો મહાવીર પ્રભુએ સહન કીધા છે તેમાંથી
ાગીદાર થવાનું બીજું તત્વ પોતાના જાત ભાઈઓના પા-
ઇને જે લાગણી અને દુઃખ ઉત્પન્ન થાય છે તે છે. મહાવીર
જગતના પાપકર્મને જોનારજ ન હતા પરંતુ જે પાપી
ના પ્રત્યે પૂજ્ય બુદ્ધિથી પ્રેમ ધરાવતા હતા તેમનું ભવિષ્ય
ઓ વિરાગીપણે પણ ઉપકાર કરવામાં સતત ઉદ્યમવંત હતા
ઉપરથી જાણવું ઘણું સહેલું થઇ પડશે કે તેમના દુઃખો વિષે
ડી લાગણીવાળા હતા. જો કે પાપકર્મના સઘળા કર્તવ્યો
દયના મનુષ્યમાં તોફાન અને બંડ જગાવે છે તોપણ મહા-
ની નજીકમાં રહેનારા પ્રાણીના સંબંધમાં તેવો પ્રકાર બને
ખાત ઘણો દુઃખ ઉપજાવનારો થઇ પડે. જેઓ આપણને
ય છે તેઓના પાપકર્મ જોઇને આપણને સ્વાભાવિક લાગ-
વગર રહેતી નથી. એક ભાઇની દુષ્ટતા અને જાતીય ભ્રષ્ટતા
ચાર કરતાં તેના પવિત્ર, ભલા અને વિશાળ હૃદયવાળા ભા-
ું તીવ્ર અને ઘાતકી દુઃખ થાય છે. કેવા પ્રકારના સૂક્ષ્મ બં-
એક હૃદય બીજા હૃદય સાથે જોડાય છે અથવા એક આત્મા
આત્મા સાથે કેવી રીતે મળી શકે છે તે જાણવું ઘણું
ં ઉપજાવનારું લાગે છે અને જો કે એક હૃદય બીજાના સુખ
ા ભાગી નહિ થતા આમ તેમ ભ્રમણ કરે તોપણ બીજાના પ્ર-
ંપણા વિષે કે પાપીકર્મ વિષે તેને જાતિ અનુભવ થયા વગર
હિ. ઉદાહરણ તરીકે એક પતિને કે પત્નિને પોતાની પત્ની કે
તરફથી અપમાન થાય તેથી કેવું દુઃખ અને શરમ લાગશે તેનો વિ-
કરે અથવા એક દુરાચારી છોકરાને સ્વચ્છંદપણે ભટકતો જોઇને
બાપને તે વિષે કેટલું દુઃખ અને લાગણી થશે. કૌટુંબિક ઘર
ી એક એવા પ્રકારનો સુમેળ હોય છે કે જેથી તેમાંની કોઇ પણ

વ્યક્તિ બાકીનાઓનો વિનય સાચવ્યા વગર ચડી શકે નહિ તેમ પડી શકે નહિ અથવા માન પામે નહિ તેમજ અપમાન પણ પામે નહિ. એકજ લોહીના અને કોટુંબિક પ્રેમની ગાંઠથી બંધાએલા મનુષ્યોમાં જે છુપા કુદરતી કાર્યાકાર્યથી એક બીજાનાહૃદયઅરસપરસ મળેલા હોય તેમજ એક બીજાના વર્તનનું દરેક અનુકરણ કરનારા હોય, કુદરતી સંબંધ હોવા છતાં હજારો નજીકની યાદગીરીથી તેમાં દૃઢતા જણાતી હોય અને તેમાં લગભગ એક રૂપતા થઇ જાય ત્યારે તે કુટુંબમાં એક વ્યક્તિની ગંભીર ભૂલ વિષે જે લાગણી થાય તે વિષે વિચાર કરો. એજ કુટુંબમાં જો છોકરો ઉલટે માર્ગે ચાલે તો તેના બાપને કેટલી ઉંડી લાગણી થશે. તેની લાંબા વખતની સંભાળ અને સંરક્ષણ પછી તે છોકરો જે તેની એકજ આશા, મગરૂરી અને પ્રેમનું સ્થાન તે માનતો હોય તે અપવિત્ર અને અનાચાર માર્ગે પ્રવર્તે તથા તેના નિર્દોષ નામને કલંક લગાડે ત્યારે તેને કેવી લાગણી થતી હશે તેનો વિચાર કરો. જો કે તે પિતા પોતે નિર્દોષ છે, છોકરાના પાપને માટે કાંઇ તે દોષિત ગણાય નહિ તોપણ સંબંધને માત્ર લાગણીથી તેનો ભાગીદાર થાયછે.જેને એવી અસર થશે કે જાણે છોકરાની ગેરવર્તણુંકનો તિરસ્કાર અને શરમ ને માટે મારેજ નીચું જોવાનું છે. અરે એટલું નહિ પણ પોતાના પાપથી તેને જેટલું દુઃખ થાય તેના કરતાં આવી કરીને તેને ઘણા તીણા દુઃખનો ડંસ લાગશે ખરી હકીકત એવી છે કે છોકરો પાપકર્મ કરવાને પ્રવૃત્ત થયો તેજ તેની હલકાઇમાં નબળાપણું બતાવે છે. અને બીજી રીતે ખરી વાત એમ હોય છે કે માબાપ પોતે હલકા કામો કરી પછી પશ્ચાત્તાપ કરતા હોય તોપણ તેની પુર્વની અસરથી બીજાઓ ખરાબ થયા હશે એ વિચારથી પણ દુઃખ થાય છે.

આ સિદ્ધાંતનું તાત્પર્ય ખુલ્લું છે. મહાવીર આપણા મહાન્ પિતા હતા, તેણે આપણા જેવુંજ સ્વરૂપ ધારણ કર્યું હતું અને તેના હૃદય સાથે આપણા હૃદયની તેના આત્મા સાથે આપણા આત્માની એકયતા થાય એવી તેની નિર્દોષ ઇચ્છા હતી જેમ તેના પુત્રો અને પૌત્રો આપણે તેને પિતા ગણી આપણા દુઃખો નિવારણ કરવાની પ્રાર્થના કરતા હતા અને આજપણ કરીએ છીએ તેમતે પણ નિરાગી હોવા છતાં આપણા પાપકર્મને દૂર કરવા માટે નિર્દોષ ઉપકારની લાગણીથી ઘણા મનુષ્યોને બંધન મુક્ત કરતા હતા

આ રીતે તે બન્ને આપણા દુઃખના ભાગી થયા હોય એમજ કહી
તો એક રીતે ખોટું નથી. જગતના સંબંધી અને સ્નેહિઓ આપણ
પ્રત્યે લાગણીવાળા હોય તો આપણો એક ભવ સુધારી શકે છે
પણ જે મહાવીર પ્રભુ અનેક ભવાંતરના પાપકર્મને જડમૂળથી ઉખે-
ડી નાંખી ભવબંધનમાંથી મુક્ત કરે તેના સંબંધની સાથે જગતના
કયા સંબંધની સરખામણી થઇ શકે ? મનુષ્યના ગમે તેવા દઢ એ
કથને મહાવીર અને તેના અનુયાયીઓના ઐક્યનો કિંચિત અંશ
માત્ર કહી શકાય. જે કાંઇ આપણા માટે બની આવે છે, તે તેના
સાધનથી જુદું નથી. તેના સર્વ શક્તિમાન હૃદયમાં આવતું ગમે
તેવું સૂક્ષ્મ દુઃખ પ્રત્યક્ષ છે અને આપણી દુર્દશાની ઉંડી લાગણીથી
તે [illegible] ઉપર અનેક ઉપકાર કરવામાં પ્રવૃત્ત રહે છે. તેનાપર વિ-
[illegible] મધમાં શોક અને
[illegible]

કરી શકતી હતી અને તેની મધુર ઉપદેશ વાણી ગમે તેવી મૂછીં-માંથી મનુષ્યને જાગૃત કરી શકતી હતી. આવા પ્રકારની વ્યવહારીક રીતથી મહાવીરપ્રભુ દુખિતના દોષ અને દુઃખને માટે ઊંડી લાગણી-વાળા અને અને દુ:ખ સહન કરવાવાળા હતા.

પાપકર્મના ભોગ.

પાપકર્મના ઉદયથી મહાવીરપ્રભુએ જે જે દુઃખ સહન કીધા તેમાં તેઓ જાણી જોઇને પાપકર્મના ભોગ થઇ ગયા હતા કારણકે તેમ કર્યા વગર તેઓ પોતે મુક્ત થાય નહિ અને બીજાઓને પણ મુક્ત કરી શકે નહિ.

તેને માટે જીવ આપનારા અનુયાયીઓની વચમાં રહીને તેણે પાપકર્મના અનાર્ય લોકને પોતાની શક્તિ છતાં મૂંગે મોઢે સહન કીધું, અને કર્મશત્રુઓએ જાણે તેનું નિકંદન કાઢી નાખવાને તૈયારીઓ કરી હોય તેમ પોતાના સગાં [illegible] અને [illegible] હોવાથી તે પ્રભુ પ્રત્યે પધારે કીધા તે વખતે [illegible] મહારાજ અને બીજા દેવતા તથા મનુષ્યોએ ભક્તિભાવથી પ્રભુને [illegible] કરવાની વિનતિ કરી પરંતુ તેઓ [illegible] શક્તિ [illegible] કોઇની પણ મદદ [illegible] પોતાની શક્તિ [illegible] પાપકર્મના [illegible] તેને દૂર કીધા [illegible] કર્માઓએ તે પ્રભુને અતીશે દુઃખ દીધા [illegible] ન થાય [illegible] પાપકર્મની [illegible] કરી [illegible] તેઓ [illegible] તેનુજ [illegible] ઉપકા[illegible] કરી [illegible] પ્રકા[illegible] તેનો ઉકરનાં પ્રત્યે [illegible] હતી. આપના [illegible] પણ કોઇની સાથે [illegible] રહી [illegible] આપ[illegible] તેઓના [illegible] નુકસાન કે [illegible] કરવામાં આવે તો તેથી જે અમર્થ દુઃખ [illegible] છે તેની [illegible] બીજા દુઃખ [illegible] થઇ શકે નહિ. [illegible] પ્રભુની [illegible] વર્તના [illegible] છે જે-

ઓને અરસપરસ ઘણોજ દૃઢ સ્નેહ અને લાગણી હોય છે તેઓનું ઉપર જણાવ્યું તેવું ઉલટું વર્તન જોઇને તેમના ભલાને માટે આપણને દયાજનક દુઃખ થાય છે. એક ઉદાર માયાળુ હૃદયના વૃદ્ધ માણસને માટે એક નાટકમાં એવું ઉદાહરણ આવે છે કે તે ઘણીજ તીવ્ર લાગણીથી પોતાના પુત્રને ચાહતો હતો પરંતુ તે દુષ્ટ અને ઘાતકી પુત્ર તરફથી તેના વૃદ્ધ પિતાને ઘા મારવામાં આવ્યો. હવે તે ઇજા પામેલા વૃદ્ધ માણસના હૃદયમાં કેવી કોમળતા અને ઉંચી લાગણી હતી તે શબ્દોથી કહી શકાય નહિ પ્રથમ તો તે વૃદ્ધ માણસને ઘા લાગ્યો ત્યારે તેને એકાએક આશ્ચર્ય ઉત્પન્ન થયું. જે તે પોતાના સઘળા પ્રેમથી ચાહતો હતો, અને આ સંસારના સઘળા સુખો જેમણે પોતાના તે પ્રિય પુત્રને સોંપી દીધા હતા તેનાજ ઘાતકી હાથથી વિશ્વાસઘાત કે દગો થયો હશે એ વિષે તો તેને સ્વપ્ન પણ નહોતું; પણ જ્યારે એ બાબત પુરાવાથી સાબીત થઈ ત્યારે તેને ઉલટું વધારે તીવ્રું દુઃખ થવા લાગ્યું, ન રોકી શકાય તેવો તિરસ્કાર તેને છુટ્યો અને તેના અંતઃકરણમાં તે ઘણા ગુસ્સાથી અને દીલગીરીથી આશ્ચર્યકારક હિલચાલની શોધ કરવા લાગ્યો પણ જ્યારે એક પછી એક જુદી જાતની લાગણી પસાર થઇ જાય છે અને પોતાની ભુલનો વિચાર કરવાને મન નિવૃત્ત થાય છે ત્યારે દુઃખ અને પશ્ચાત્તાપના અસહ્ય બોજાથી તેનું અંતઃકરણ કંપે છે, અને તે કંગાળપણાથી તેમજ અતિશે નિરાશાને લીધે તેને ધ્રુજારો લાગુ થાય છે અને તુટેલ હૃદયવાળો તે બિચારો વૃદ્ધ તુરતજ મરનને શરણ થાય છે. તાત્પર્ય એ છે કે છોકરા પ્રત્યેની અતીશે પ્રેમની લાગણીથી તે છોકરાના પાપને માટે તેને પોતાની જાતનો આખરે ભોગ આપવો પડે છે.

પરંતુ જે ઘણા મનુષ્યો નાસ્તિક થઇ પ્રભુના વચનનો અનાદર કરે છે અને પોતાની જાતને હમેશને માટે અથાગ ખાડમાં નાખે છે તે ઓને માટે પરોપકારી મહાવીર પ્રભુ કેટલી લાગણી ધરાવે છે તેમનું અપમાન કરવામાં આવે તોપણ તેમની લાગણીમાં ફેર પડતો નથી. તેઓ કદી પોતાની શક્તિનું જોર બતાવી કોઇને નમસ્કરાવતા ન હતા. અને તેથી તેનો આદર [illegible] ન થાય તોપણ જેઓનો ઉધ્ધાર થાય તેમનો ઉધ્ધાર કરવો. એજ માત્ર તેનો [illegible] રસ્તો

અને જો તે મિશ્રિત પ્રેમ, માન અને પૂજ્યભાવ કે જે મનુષ્યન
યમાં ઘણી એક રીતે હોઇ શકે છે, જો મહાવીર પ્રભુની ભક્તિ
રા છુપા આત્મામાં ઓતપ્રેત થએલી હોય, તો જે માર્ગથી મહ
પ્રભુએ કર્મશત્રુના ચુરેચુરા કરી નાખ્યા તેનો અનુભવ તમોને
વાથી તમારા ગમે તેવા દિલગીરીના પ્રસંગમાં તમોને કેટલો
શ્ચર્યકારક હર્ષ ઉત્પન્ન થશે ? મનુષ્યથી મહાવીરના જેવું ન બને
મ માની કદાચ ઉપરની હકીકત અતિશયોક્તિવાળી લાગતી
તોપણુ એટલું તો નક્કી છે કે ઘણા અંતઃકરણમાં કુદરતી રીતે
લાગણી ઉછળતી હોય છે અને તેવા માણસો મરતી વખતે પણ
ઇપણ અધીરાઇ વગર એટલુંજ કહે છે-કે " મારા કર્મના દુઃખ
રેજ ભોગવવા જોઇએ માટે જેટલું દુઃખ આવવાનું હોય તેટલું
આવે, તે સહન કરવામાંજ મારૂં કલ્યાણ છે"

તમો મહાવીરપ્રભુના દુઃખના જેટલે અંશે વિશેષ ભાગીદા
થઇ શકો તેટલો તમો વિશેષ આનંદ માનો. કારણકે મહા
વીરના જે ઉપસર્ગોની હકીકત આપણે જાણીએ છીએ તે મહાન
આત્માની એક મજબુત સાબીતી છે. ઉચ્ચપદ પ્રાપ્ત કરવાની જે
દુનીઆ છે, તેમાં ખુશાલી અને સુખ એ ઉમદા સ્વભાવની
ખરી નિશાની નથી. ઘણી ખુશાલીના ખુશનુમાં પ્રકાશ કરતાં મનુષ્ય
પ્રકૃતિને ઉચ્ચપદ તરફ દોરી જનાર ઘણું ઉંડું કારન દુઃખ અને દી-
લગીરી છે. ઘણાં આનંદ કરતાં ઘણું દુઃખ બીજી દુનિઆમાં શ્રેષ્ઠપ-
દને આપનારૂં છે. દૈવિક નિરાશાના ડીલણમાંથી ઘણી વખતે આં-
સુઓના વરસાદ વરસે છે. ને દુઃખ, કલેશ, અને કઠણ કષ્ટને સહન
કરવાથી મહાન્ તીર્થંકર મહાવીરપ્રભુ જેવા પોતાના આત્માને મુક્ત
કરી શક્યા તે દુઃખ વિષે વિચાર કરતાં એમ જણાય છે કે સુખ
અને શાંતિથી મહાન્ પદ મળે એવું કુદરતનું બધારણજ નથી.
આજ પણ આ જગત્ની સપાટીપર એવા દુઃખી અને દિલગીરીના
પ્રસંગો મળી શકે છે કે, જે પરથી વિચારવંત મનુષ્યને ઘણા આ-
શ્ચર્યની સાથે એવા નિશ્ચયપર આવવું પડે છે કે મોટા થનારાઓ ઉ-
પરજ બધઃ દુઃખ અને સંતાપનેજ આભારી છે. સ્મશાન ભૂમિને
વિષે એક બાળક વિચાર વગર આનંદથી રમશે, પણ વિચારવંત મ-

નુષ્યને ઉંડી લાગણી અને દુઃખથી અનેક વિચારોની પરંપરાઓ ઉત્પન્ન થશે. યાદ રાખવું કે બાળકના આનંદના ભાગીદાર થવા કરતાં આ દુનિઆ છોડી ગએલા મહાન્ પુરૂષોના દુઃખના જવાબદાર થવું વધારે સારૂં છે. કેટલાએક એવા નકામા અને ખોટી મોટાઈવાળા માણસો છે કે જેઓ, કઠોરતા અને સ્વાર્થીપણાને વશ થઈને પશુની ઉપમાને યોગ્ય પોતાનું જીવન કરી દે છે, અને જગત્માં જે નાશકારક મોહિની છે, તે તેમને અંધ બનવી ખરા માર્ગપર આવતા અટકાવે છે.

જેઓ એક વખત દરિદ્રી હશે તેઓ બીજી વખત રાજા થશે પરંતુ મહાવીર પ્રભુએ જે રાજ્યપદ મેળવ્યું છે તેની સરખામણી ચક્રવર્તીના કરોડો વર્ષના રાજ્ય સાથે પણ થઇ શકે તેમ નથી. તે રાજ્યનો કદી અંત આવવાનો નથી માટે મહાવીરની પેઠે આપણે દુઃખ સહન કરીશું તો મહાવીરના જેવુંજ રાજ્યપદ ભોગવીશું. તેના જેવા દુઃખથી આપણી પણ તેના જેવીજ મહત્ત્વતા થશે. પવિત્ર અને બંધ વગરના દુઃખ સહન કરવાની તમારી યોગ્યતા તમારી પરમપદને પ્રાપ્ત કરવાની યોગ્યતાનો પુરાવો અને પ્રમાણ છે. કઠોર સુર સાંભળીને જે કાન વધારે દુખિત થયેલા હોય છે તેજ કર્ણ મધુર સ્વરનો સાથી વિશેષ આનંદ અનુભવી શકે છે. જે હૃદયમા દુશ્મનોના દ્વેષના ઘણા ઉંડા ઘા લાગેલા હોય છે તેઓજ ખરી મિત્રતના પ્રેમનો ખરો આનંદ અનુભવી શકે છે. આ અપૂર્ણ અને ઇન્દ્રજાળ જેવા જગત્માં આત્માને જે જુલમ અને સંતાપ સહન કરવા પડે તે એક એવું શાંત ભવિષ્ય અને ન કહી શકાય તેવા આનંદનું ચોકસ ચારણ દર્શાવે છે કે જે બીજી પૂર્ણ અને સત્યતાવાળા દુનિઆમા સંપૂર્ણ ફતેહમંદીથી આ સંસારનો દુખી આત્મા પરમસુખને અનુભવી શકે છે. પાપ કર્મના ન રોકી શકાય તેવા સ્વર્ગથી તમોને જે દુઃખ થતું હોય તે પરથી તમો તમારા ચળકત ભવિષ્યનું અનુમાન કરી શકશો. જ્યારે તમે આ દુનિઆના અતિશે દુઃખ સહન કરી મુક્ત થશો અને મિશ્રિત ભાવ વગરના શુદ્ધ પ્રેમ અને પવિત્રતાના વાતાવરણમાં તમે આવશો, જ્યારે પાપકર્મનું નામ કે નિશાન રહેવા પામશે નહિ, ત્યારે તમો સમજી શકશો કે પાપકર્મના દુઃખને સહન કરવું તે હમેશાના

મહાવીરના દુઃખોમાં મનુષ્યનો ભાગ.
સુખને પ્રાપ્ત કરવાનો મુખ્ય અને જરૂરનો ઉપાય છે.
પરમાત્મા કે જેઓ જગત્પર મહાન્ ઉપકારના કરના
સાથે જે આત્માઓ પાપના પંજામાં સપડાઈ ગયા છે
માર્ગ અર્પણ કરે છે. તેને માટે તમોને ઘણી ઊંડી લાગ
એ. કારણકે ભવિષ્યમાં તેમાંના ઘણા આત્માઓનો
દ્વાર થશે, તેઓ પણ ઉચ્ચપદને પ્રાપ્ત કરશે, અને તમે
ીર પ્રભુના જેવાજ પરમાત્મા થઈ એક સ્થળે સિદ્ધિપ
ાર થશો. તેથી જેમ મહાવીરના આધારે તમારો ઉદ્ધા
મ તમારા આધારે બીજા પાપી જીવોનો ઉદ્ધાર થાય તે
શઃ કારણકે દુઃખના ભાગીદાર થનારાઓ પરમ સુખ
કરે છે.

પ્રથમ ભાગ સમાપ્ત.



महावीर प्रकाश.

प्रथम भाग समाप्त.